નડીઆદના શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયદ્વારા
પ્રકાશિત ગ્રંથમાલા.
ગ્રંથરત્ન ૧૪.

श्रीमद्वल्लभाचार्य विरचितम्
विवेकधैर्याश्रय निरूपणम्.

પ્રાચીન સંસ્કૃત ટીકાઓના આશય લઇ
પોરબંદરનિવાસી વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રી છગનલાલ અમરજીના
હાથથી લખાએલી
શુદ્ધ ગુજરાતી સરળ અને વિસ્તારવાળી ટીકા સાથે.

શેઠ ભીમજી કુંવરજી જે. પી. ની આર્થીક સહાયથી

પ્રકટ કરનાર,
ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.
શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી અને શ્રીવલ્લભીય
ગ્રંથ પ્રસારક કંપનીના વ્યવસ્થાપક.
નડિયાદ.

સંવત ૧૯૬૮. શ્રીવલ્લભાબ્દ ૪૩૬

અમદાવાદ શ્રી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

ન્યોછાવર બે આના.

श्रीहरिः

પ્રસ્તાવના.

સર્વ સુજ્ઞ વૈષ્ણવોને વિદિત છે કે શ્રીઆચાર્યચરણોનો મુખ્ય ઉપદેશ શ્રીપ્રભુમાં ચિત્ત પરોવાઈ જાય એવી માનસી સેવા સિદ્ધ કરવા માટેજ સર્વ ગ્રન્થોમાં તેનાં સાધનો બતાવવાનો છે. અને તે સિદ્ધ કરવા માટે "**तत्सिद्धयैतनुवित्तजा**" એમ સિદ્ધાન્ત-મુક્તાવલિમાં આજ્ઞા કરી છે, તેનો અભિપ્રાય એવો છે કે ચિત્તની વૃત્તિ બહારના લૌકિક વિષયોથી અટકી કેવલ પ્રભુમાંજ તલ્લીન થાય તેવી રીતે દેહથી તથા ચિત્તથી સેવા કરવામાં અડચણો આવે તેને દૂર કરવા માટે સહાય કરવામાં વિત્તથી સેવા કરવાનો અભિપ્રાય જણાવવા માટે "**नुवित्तजा**" એ સમાસાન્ત પદ મૂકેલ છે, એટલે પૈસા ખરચી નોકર રાખી સેવા કરાવવાનો તો શ્રીઆ-ચાર્યજીનો બિલકુલ અભિપ્રાય નથી. કિંતુ પોતે જાતેજ શરીરથી સેવા કરવી. તેમાં જેટલી અડચણો આવે તે દૂર કરવા માટે પૈસા ખરચી માણસોની સહાયતા લેવી. તેમજ શ્રીપ્રભુને વિવિધ પ્રકારના વૈભવથી સેવા કરવા માટે પૈસા ખરચવા કે જેનાથી અત્યંત પ્રેમથી પ્રભુમાં ચિત્ત લાગે, તે પ્રમાણે સેવા કરવામાં જીવ પ્રવૃત્ત થાય તેને કેટલાં દુઃખો ચિત્તની વૃત્તિને શ્રીપ્રભુથી વિમુખ કરનારાં પ્રાપ્ત થાય, તે નહિ થવા માટે વિવેક, ધૈર્ય અને આશ્રય રાખવાની જરૂર છે, તેટલાજ માટે "વિવેક ધૈર્યાશ્રય નિરૂપણ" નામનો ગ્રન્થ શ્રીઆચાર્યચરણોએ પ્રકટ કરેલો છે. તે ત્રણેનું સ્વરૂપ આ ગ્રન્થમાં બતાવેલું છે, તે સંક્ષેપમાં નીચે બતાવવામાં આવે છે.

શ્રીપ્રભુથી ચિત્તને વિમુખ ન થવા દેવા માટે શ્રીપ્રભુજ પોતાની ઇચ્છા પ્રમાણે કરશે એવું દૃઢ અનુસંધાન ચિત્તમાં સર્વદા રાખવાથી ચિત્ત વ્યગ્ર થઈ શ્રીપ્રભુથી વિમુખ થશે નહિ, એ વિવેકનું મુખ્ય સ્વરૂપ છે, તેવી રીતે અનુસંધાન રાખતાં કોઈ જાતના પદાર્થની અપેક્ષા થાય તો પણ પ્રભુની પ્રાર્થના કરવી

નહિ, પણ એકાગ્ર ચિત્તથી પ્રભુની સેવાજ કર્યા કરવી, એમ વિવેકના નવ સ્વરૂપ બતાવી ઉપદેશ કર્યો છે.

ગમે એવી આપત્તિ આવે તો પણ ધૈર્ય છોડી પ્રભુની સેવાથી વિમુખ થવું નહિ. તે કેવી કેવી આપત્તિમાં ધૈર્ય રાખવું એ જણાવવા માટે ધૈર્યનું સ્વરૂપ બતાવ્યું છે, અને પોતે ચલાવીને ઇન્દ્રિયોના કાર્યોમાં પ્રવૃત્ત થવું નહિ અને જ્યાં પોતાથી ધૈર્ય ન રહી શકે તો શ્રીપ્રભુના શરણની ભાવના કરવી, એમ છેવટે ઉપદેશ કર્યો છે.

શ્રીપ્રભુની સેવા કરવામાં બીજા લોકો જે શ્રીપ્રભુથી વિમુખ હોય તે દરેક પ્રકારે આપણને દુઃખ આપે ત્યારે પણ દુઃખ આપનાર લોકોનો અપરાધ નહિ કરતાં પોતાનોજ દોષ ગણી શ્રીપ્રભુનો આશ્રય રાખવો, એ આશ્રયના સ્વરૂપમાં બતાવ્યું છે; તેમાં કેવી કેવી જાતના દુઃખો આવવાથી આશ્રય છૂટી જાય છે તે બતાવીને તે સઘળા દુઃખોમાં શ્રીપ્રભુનો આશ્રય છોડવો નહિ, પણ પ્રભુપર દૃઢ વિશ્વાસ રાખી તેમની સેવા કર્યા કરવી. અને શ્રીપ્રભુની ઇચ્છાથી જે પ્રાપ્ત થાય તેટલામાં નિર્વાહ કરી સેવા કર્યા કરવી. પોતે ચલાવીને ઇન્દ્રિયોના કાર્યોમાં પ્રવૃત્ત થવું નહિ એમ શિક્ષા આપી છે.

લૌકિક અને વૈદિક કાર્યો પણ લોકસંગ્રહ માટેજ કરવાં. કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણ માર્ગો ભક્તિ માટે કહેલા છે, તે યથાર્થ શાસ્ત્રોકત રીતિ પ્રમાણે થઇ શકે એવો આજનો સમય નથી, માટે કેવલ શ્રીપ્રભુનો દૃઢ આશ્રયજ રાખવો. એ દૃઢ આશ્રય રાખવામાં સર્વદા સર્વનું હિત સમાયેલું છે એમ છેવટે બતાવેલું છે.

ઉપર પ્રમાણે વિવેક, ધૈર્ય અને આશ્રય રાખી શ્રીપ્રભુની સેવા કરે તો તેને તેમાં ચિત્ત પરોવવા રૂપ માનસી સેવા સિદ્ધ થાય એટલે "સેવાફલ" ગ્રન્થમાં કહેલ અધિકાર પ્રમાણે ફલ અવશ્ય સિદ્ધ થાય, માટે શ્રીપ્રભુની સેવામાં પ્રવૃત્ત થયેલાને આ ગ્રન્થમાં બતાવ્યા પ્રમાણે વિવેક, ધૈર્ય અને આશ્રય રાખવાની અત્યંત જરૂર છે.

શાસ્ત્રી છગનલાલ અમરજી.

श्रीहरिः

श्रीकृष्णाय नमः

श्रीगोपीजनवल्लभाय नमः

श्रीवल्लभाचार्यचरणाविरचितम्

विवेकधैर्याश्रय निरूपणम्

આ ગ્રન્થની ટીકા કરતાં ચાચા શ્રી ગોપેશ્વરજી* મહારાજ નીચે પ્રમાણે મંગલાચરણ કરે છે કે—

श्रीमदाचार्यचरणनखचन्द्ररुचे नमः ॥
हृदि प्रविश्य यद् ध्वान्तं निर्धूतं मे यया स्वतः ॥१॥
यत्कृपातो विवेकादिधर्माः स्वीये भवन्ति हि ॥
तत्पादतलसम्बन्धिरेणुः शरणमस्ति मे ।

અર્થ:—શ્રીમાન્ આચાર્યજીના ચરણના નખ રૂપી ચંદ્રમાની કાન્તિને નમસ્કાર (કરૂં છું) કે જે કાંતિએ પોતાની મેળે મારા હૃદયમાં પ્રવેશ કરીને જે અંધારૂં હતું તે મટાડ્યું છે (૧) જે શ્રીમાન્ આચાર્યજીના ચરણ રજની કૃપાથી વિવેક વિગેરે ધર્મો પોતાનામાં થાય છે. તે આચાર્યજીના ચરણ તલ સંબંધી રજ મારૂં રક્ષણ કરનાર છે ॥ ૨ ॥

હવે જ્યારે જે ભક્તિમાર્ગનો સ્વીકાર કરવામાં આવ્યો છે ત્યારે તે માર્ગનો સ્વીકાર કરનારને શ્રી ભગવાન્નું દાસ પણું પ્રાપ્ત થયું છે, એટલે પોતે ભગવાન્નો દાસ હોઇને સેવામાં પ્રવર્તે છે અને તે દાસ શ્રીભગવાન્ની સેવા બરાબર કેમ કરી શકે ? એવા હેતુથી ભક્તિની દૃઢતા માટે શ્રીમાન્ વલ્લભાચાર્યજી વિવેક, ધૈર્ય અને આશ્રયનું વિસ્તારથી નિરૂપણ કરે છે.

---

*શ્રી ગુસાંઇજી (શ્રી વીઠ્ઠલનાથજી)ના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીના દ્વિતીયપુત્ર. (જન્મ સંવત ૧૬૬૩ ના ભાદરવા વદી ૫.)

मूलम्—विवेकधैर्ये सततं रक्षणीये तथाऽऽश्रयः ॥
विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ॥१॥

पदानि—विवेकधैर्ये, सततम्, रक्षणीये, तथा, आश्रयः, (रक्षणीय) विवेकः, तु, हरिः, सर्वम्, निजेच्छातः करिष्याति,

अन्वयः—सततम् विवेकधैर्ये रक्षणीय तथा आश्रयः (रक्षणीयः) विवेकः तु हरिः सर्वम् निजेच्छातः करिष्यति ।

અર્થ:—નિત્ય વિવેક અને ધીરજ રાખવાં તેમ શ્રીભગવાન્નો આશ્રય (પણ રાખવો જોઇએ) વિવેક તો (એ સમજવો કે) શ્રીભગવાન્ સર્વ પોતાની ઈચ્છાથી કરશે.

વિવરણ—સેવામાં પ્રવૃત્ત માણસને પહેલાં વિવેકની બધી રીતે જરૂર છે. અને તે પછી ધીરજ રાખવાની પણ જરૂર છે, અને વિવેક તથા ધીરજ એ બન્નેને પણ ફ્લીભૂત થવા માટે શ્રીભગવાન્નો આશ્રય રાખવાની જરૂર છે; એટલે કે પ્રથમ વિવેક પછી ધીરજ અને છેવટે શ્રીભગવાન્નો આશ્રય રાખવો એ પ્રમાણે ભક્તિમાર્ગનો ક્રમ છે. અને એમ થવાથી સર્વ પ્રકારે શ્રીભગવાન્નો આશ્રય રાખવાથીજ બધું સિદ્ધ થાય છે એમ સમજાવવા માટે વિવેક અને ધીરજ બતાવ્યા પછી શ્રીભગવાન્નો આશ્રય રાખવાનું શ્રીઆચાર્યચરણોએ છેવટે નિરૂપણ કર્યું છે. વિવેક વિગેરે ત્રણે બાબતો માંહેના પહેલા વિવેકના લક્ષણનું નિરૂપણ કરે છે "**विवेक स्त्विति**" **हरिः** સઘળાં દુ:ખોને હરનાર **सर्वम्** પોતાના પ્રયત્નથી મેળવવા લાયક યોગ ક્ષેમ વિગેરે (યોગ એટલે મેળવવું અને ક્ષેમ એટલે મેળવેલનું રક્ષણ કરવું) લૌકિક, અને શ્રીભગવાન્ની સેવામાં ઉપયોગી અલૌકિક; સર્વ હરિજ સિદ્ધ કરશે. માટે શ્રીભગવત્સેવા છોડીને પોતાનું પ્રયત્નાદિક કાંઈ કરવું નહિ એ પ્રથમ વિવેક છે; કેમકે સર્વના દુ:ખને હરનાર શ્રીહરિ છે, તે સર્વનું દુ:ખ હરે છે એટલે મારો તો તેમણે અંગીકાર

કર્યો છે માટે મારે જે પદાર્થ અપેક્ષિત હશે તે શ્રીહરિ સિદ્ધ કરશેજ. એવો વિશ્વાસ રાખીને શ્રીભગવત્સેવાજ કર્યે જવી, પણ પોતાનું પ્રયત્નાદિક કરવું નહિ. જો પોતાનું પ્રયત્નાદિક કરીએ તો તેમાં બહિર્મુખતા થાય અને શ્રીભગવત્સેવામાં પ્રતિબંધ થાય એજ વાત નવરત્ન ગ્રન્થમાં **"चिन्ताकापि न कार्या"** એ શ્લોકમાં નિરૂપણ કરેલ છે ત્યાં શંકા થાય કે આપણે પ્રાર્થના કરીએ નહિ તો પ્રભુ કેમ કરશે? એવી શંકાની નિવૃત્તિ માટે મૂલમાં કહ્યું છે કે **"निजेच्छातः"** એટલે પોતાની ઇચ્છાથી કરશે કેમકે તે અલૌકિક પ્રભુ છે. તે પોતાના ભક્તોના ઇચ્છિતને જાણે છે અને સેવામાં જે પ્રવૃત્ત રહ્યા છે તેને પણ જાણે છે. તે પોતાની ઇચ્છાથીજ કરશે, પણ આપણે પ્રાર્થના કરીએ તોજ કરશે એવી આપણની પ્રાર્થનાની અપેક્ષા રાખતા નથી. માટે પ્રાર્થના કરવી નહિ. એ બીજો વિવેક છે એ વાત નવરત્ન ગ્રન્થમાં **"सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति"** (સર્વના ઇશ્વર અને આત્મા શ્રી પ્રભુ પોતાની ઇચ્છાથી કરશે) આંહી **निजेच्छातः** એ પદનો બે પ્રકારે અર્થ થાય છે. તે એવી રીતે કે ભક્તની ઇચ્છા વિકારવાળી હોય તો તેની ઇચ્છા પ્રમાણે નહિ પણ પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે, અને ભક્તની ઇચ્છા પ્રભુ સંબંધીજ વિકાર વગરની હોય તો ભક્તની ઇચ્છા પ્રમાણે કરે છે. એમ બતાવવા માટે **निजेच्छातः** એ સ્થળે **तसिल्** પ્રત્યય મૂકયો છે એમ શ્રી વ્રજરાયજી મહારાજ પોતાની ટીકામાં અભિપ્રાય જણાવે છે. (૧)

હવે આ સ્થળે "કાંઇપણ વસ્તુ મેળવવા માટે આપણે શ્રી પ્રભુની પ્રાર્થના શા માટે નહિ કરવી?" એવી શંકા થાય ત્યાં કહે છે કે—

मूलम्—प्रार्थिते वा ततः किं स्यात्? स्वाम्यभिप्राय संशयात्।।
सर्वत्र तस्य सर्वं हि सर्व सामर्थ्यमेव च ।।२।।

पदानि—प्रार्थिते, वा, ततः, किम्, स्यात्? स्वाम्यभिप्राय-संशयात्, सर्वत्र, तस्य, सर्वं हि, सर्वसामर्थ्यम्, एव, च.

अन्वयः—प्रार्थिते वा स्वाम्यभिप्रायसंशयात् ततः किम् स्यात्? हि, तस्य, सर्वम्, च, सर्वसामर्थ्यम्, एव, सर्वत्र.

અર્થઃ—અને (વખતે) પ્રાર્થના કરવામાં આવે તો પણ સ્વામીનો અભિપ્રાય જાણવામાં સંશય હોવાથી પ્રાર્થના કરવાથી શું થાય? કારણ કે તે શ્રી પ્રભુનું ચોતરફ સઘળું અને સર્વ સામર્થ્યજ છે.

વિવરણઃ—પ્રાર્થના કરવાથી કશું પણ થતું નથી. ત્યાં હેતુ આપે છે કે **स्वाम्यभिप्रायसंशयात्** જો શ્રીભગવાન્‌ની આપણને કંઈપણ દેવાની ઇચ્છા હશે તો પોતાની ઇચ્છા પ્રમાણેજ દેશે, પણ પોતાની ઈચ્છા આપવાની નહિ હોય તો કદી દેશે નહિ તો પછી પ્રાર્થના કરીને પ્રાર્થના નહિ કરવાના પોતા ધર્મની હાનિ શા માટે કરવી જોઈએ? **प्रार्थिते वा ततः किंस्यात् स्वाम्यभिप्रायसंशयात्** આ ત્રીજો વિવેક થયો, વળી પોતે પ્રયત્ન કરતાં છતાં પણ શ્રીભગવાન્ આપણને વખતે ન પણ દે, કારણકે **सर्वत्र तस्य सर्वं हि सर्वं सामर्थ्यमेवच्च** એટલે પ્રયત્ન કરતાં છતાં પણ જો પ્રતિબંધ આડો આવે તો આપણની ઈષ્ટ વસ્તુ સિદ્ધ થતી નથી. અથવા ચોતરફ પોતાને ઇષ્ટ વસ્તુનો અભાવ હોવાથી તેની પ્રાપ્તિ પોતાથી બની શકે એમ નથી. અથવા તો ઈષ્ટ વસ્તુ મેળવવાને શકય હોય તોપણ તેના પ્રાપ્તિના સાધનમાં આપણું સામર્થ્ય નથી, અને શ્રીભગવાન્‌ને તો તે તે વસ્તુ સર્વત્ર સિદ્ધજ છે. અને વખતે આપણની ઇષ્ટ વસ્તુ પોતાની પાસે ન હોય તો તે વખતેજ તે વસ્તુ મેળવવાનું તેમનામાં સામર્થ્ય પણ છે, એટલે કે શ્રીભગવાન્ અસાધ્ય વસ્તુ પણ આપણને મેળવી આપે છે. માટે તેમની સેવા છોડીને જે કાંઇ પ્રયત્ન કરવામાં આવે તે નિષ્ફલ છે. એમ સમજવું એ ચોથો વિવેક છે. તે વિવેકનુંજ નિરૂપણ કરે છે. **सर्वत्रेति** તે ભગવાન્‌ને ચારે તરફજ સઘળી વસ્તુ સિદ્ધજ છે. અને ન હોય તોપણ સઘળી વસ્તુ મેળવવાને

તેમનામાં સામર્થ્ય છે. ચોતરફ જ્યાં જે જે વસ્તુ છે તે સઘળી વસ્તુ ભગવાન્‌નીજ છે, છતાં લોકો પોતાનાં અજ્ઞાનથી તેમાં સ્વત્વ માની બેસે છે. જેને જે ઇષ્ટ વસ્તુ છે તેને તે પણ સાક્ષાત્ ભગવાન્‌જ આડકતરી રીતે પૂરી પાડે છે. છતાં મેં પ્રયત્નથી આ કામ કર્યું એમ પોતાના અજ્ઞાનને લીધે માની બેસે છે. મારી પાસે જે વસ્તુ પહેલાંની છે તે વસ્તુ પણ ભગવાનેજ આપી છે, અને હમણાં તો મારો અંગીકાર કર્યો છે માટે સઘળી વસ્તુ મને દેશેજ એવો નિશ્ચય કરીને સેવાજ કરવી જોઇએ; પણ કાંઇ પણ વસ્તુ મેળવવા માટે શ્રીપ્રભુની પાસે આપણે પ્રાર્થના નહિ કરવી જોઇએ એમ સૂચન થાય છે.

प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्राय संशयात्

એ શ્લોકનું વિવરણ કરતી વખતે શ્રીવ્રજરાયજી મહારાજ એવો અભિપ્રાય જણાવે છે કે પ્રાર્થના કરનાર પોતે જીવ હોઇને અલ્પજ્ઞ છે અને તેમ હોવાથી તેનો મનોરથ પણ થોડોક હોય, અને થોડાક મનોરથને લીધે થોડીકજ પ્રાર્થના કરવામાં આવે તો પ્રાર્થનાનુસાર તેટલુંજ દઇને શ્રીપ્રભુ અટકી જશે; એટલુંજ નહિ પણ આપણી નજીવી ઇચ્છાને તૃપ્ત કરવા માટે આપણા તરફથી જો નજીવી માગણી કરવામાં આવશે તો કુબ્જાની માફક આપણે બેવકૂફમાં ગણાઈશું; અને આપણા તરફથી કાંઈપણ પ્રાર્થના કરવામાં નહિ આવે તો શ્રીપ્રભુ અલૌકિક હોઇને પ્રાર્થિત વસ્તુ કરતાં ઘણું આપશે (મતલબ કે થોડીક પ્રાર્થના કરી તેટલુંજ ધણીથી મેળવીને પ્રાર્થના નહિ કરતાં વધારે લાભ મળવાનો સંભવ આપણે પોતાને હાથેજ ખોવો નહિ જાઇએ,[1]) (૨)

૧. શ્રીદામાએ શ્રીભગવાન્ પાસે જઇને કાંઇ પણ નહિ માગ્યું તો તેમણે ઘણાજ ઉદાર મનથી તેમને ઘણુંજ આપી દીધું તે એટલે સુધી કે શ્રીરૂક્મિણીજીને પણ એવો શ્રીભગવાન્‌નો અસાધારણ દેવાનો અભિપ્રાય પોતાની પસંદગી બહાર થઈ પડયો હતો, પણ જો તેમણે અમુક વસ્તુનીજ માગણી કરી હોત તો તેટલુંજ આપીને શ્રીપ્રભુ સંતોષ પકડત.

"કોઈ ભક્ત કેટલોક વખત સેવા કરે અને તે શિવાયના બચતા વખતમાં જો બીજું કાર્ય કરે તો તેમાં શું નુકશાન છે?" એવી શંકા થાય ત્યાં કહે છે કે

मूलम्—अभिमानस्तु संत्याज्यः स्वाम्यधीनत्वभावनात्॥
विशेषतश्चेदाज्ञा स्यादन्तःकरणगोचरः ॥ ३ ॥
तदा विशेषगत्यादि भाव्यं भिन्नं तु दैहिकात्

આ સ્થલે પોતાના સ્વામી પાસે કાંઈ પણ માંગવા જતાં આપણને શું ખમવું પડે છે તેનો આબેહુબ ચિતાર એક ઐતિહાસિક દાખલો આપી આપને બતાવવા માંગું છું તે એકે એક રાજાને ત્યાં કોઈ એક માણસ જાતે નિમકહલાલ હોઇને તેણે પોતાના ધણીથી કાંઇ પણ પગારની આશા રાખ્યા વગર ઘણીજ વફાદારીથી નોકરી કરવાનું કામ શરૂ કર્યું. આ પ્રમાણે ઘણોક વખત વહી જતાં રાજાના મનમાં એવું આવ્યું કે આ નોકરીની કદર મારે પિછા- નવી જોઇએ એવા દૃઢ નિશ્ચયથી પોતાની રાણીને ખાનગીમાં બોલાવી રાજાએ જણાવ્યું કે આપણે ત્યાં એક કન્યા શિવાય બીજી સંતતિ નથી તો આ સંબંધમાં મારો વિચાર એવો છે કે આપણને ત્યાં અમુક નોકર ઘણોક વખત થયા વફાદારીથી અને બીનપગારે નોકરી કરે છે. તે તેવાને નોકરોની કદર બુઝવાનું કામ આપણનું છે માટે આપણી કન્યા તેને આપી તથા તમામ રાજ્ય તેનેજ બક્ષીસ કરવા માંગું છું આ સંબંધમાં આપનો શો વિચાર છે? રાજાના પ્રશ્નનો ખુલાસો કરતાં રાણીએ જણાવ્યું કે કન્યા કોને દેવી? એ વિચારના સંબંધમાં સ્વતંત્ર માલેકી તેણીનો પિતાજ ધરાવે છે એટલે મારે તે સંબંધમાં બોલવું એ મારા અધિકારની બહારનું સમજાંછું, તો પણ એટલું તો જણાવવાની રજા લઉંછું કે જેમ બને તેમ આ કન્યા પોતાની જીંદગીના અંત સુધીમાં કાંઇ પણ દુઃખ ન ભોગવે એમ થાય એવી મારી ઇચ્છા છે. આવી હીલચાલ નોકરના સંબંધમાં ચાલતી હતી તેટલા વખતમાં નોકરના મનમાં એમ આવ્યું કે આ રાજા કદરદાન નથી માટે હવે તો તેની પાસે માગવું જોઇશે એમ વિચારી તેમણે રાજાને કહ્યું કે સાહેબ! આપે મને આટલો વખત નોકરી કરતાં છતાં એક દાસી પણ પરણાવી નહિ. રાજાએ જાણ્યું કે આ માણસ દાસીને લાયક છે એમ માની તેને દાસી પરણાવી. અને કન્યા તથા રાજ આપવાનો વિચાર બંધ કર્યો. જુઓ માગણીનું ખેદકારક પરિણામ.

શાસ્ત્રી છ. અ.

पदानि—अभिमानः, तु, संत्याज्यः स्वाम्यधीनत्वभावनात्, विशेषतः, चेत्, आज्ञा, स्यात्, अंतःकरणगोचरः, तदा, विशेषगत्यादि, भाव्यम्, भिन्नम्, तु, दैहिकात्,

अन्वयः—स्वाम्यधीनत्वभावनात् अभिमानः तु संत्याज्यः चेत् विशेषतः आज्ञा स्यात् (कर्तव्या) अन्तःकरणगोचरः तदा दैहिकात् तु भिन्नम् विशेषगत्यादि भाव्यम्

અર્થ:—(સઘળું) સ્વામીને અધીન છે એવી ભાવનાથી અભિમાન તો મૂકી દેવું જોઇએ જો વિશેષે કરીને સેવા કરવા સંબંધી આજ્ઞા થાય (તો કરવી) (અને તે આજ્ઞા) ભક્તને સ્વપ્નદ્વારા થાય છે. ત્યારે દેહસંબંધી સ્ત્રીનો વિવાહ તથા પુત્રાદિકને જનોઈ વિગેરેથી તો ભિન્ન સેવાસંબંધી શ્રી પ્રભુની વિશેષ આજ્ઞા હોવી જોઇએ.

વિવરણ:—પોતાના દેહાદિકનું શ્રી પ્રભુને નિવેદન કર્યા પછી તે દેહાદિકમાં "આ દેહ વિગેરે મારા છે" એવું અભિમાન મૂકી દેવું જોઇએ. ત્યાં હેતુ બતાવે છે કે **स्वाम्यधीनत्वभावनात् इति** જો દેહ અને ઇન્દ્રિય વિગેરેને જુદા જુદા તે તે વિષયોમાં અભિમાનને લીધે સ્વતંત્ર પણાથી રોકવામાં આવે તો દેહ અને ઇન્દ્રિય વિગેરેનો તે તે વિષયમાં વિનિયોગ કર્યો ગણાય. પણ એવો વિનિયોગ ઈષ્ટ નહિ હોવાથી તે તે વિષયમાં અભિમાનનો ત્યાગ કરી સઘળા પદાર્થો શ્રીભગવાન્‌ને અર્પણ કરેલા હોવાથી દેહાદિકના સંબંધમાં પણ તે દેહાદિક શ્રીભગવાન્‌ને અધીન છે એવી ભાવના કરવી; અને એમ કરવાથી કેવલ ભગવાન્‌ને અધીન છે એવું અનુસંધાન કરી શ્રીભગવાન્ શિવાયનું બીજું કાર્ય કરવામાં દોષ લાગે છે. અને સેવ્યસેવક સંબંધિ કાર્ય કરવામાંજ પોતાનો ધર્મ છે એમ ભાન થવાથી શ્રીભગવાન્‌નો ભક્ત તો શ્રી પ્રભુની સેવાજ કરશે. પણ બીજું કામ દોષરૂપ હોવાથી તે કરશે નહિ. આ પાંચમો વિવેક સમજવો. આજ બાબત "**निवेदनं च स्मर्त्तव्यम्**"

એ શ્લોકના વિવરણમાં સઘળી રીતે જો જે કાંઈ સઘળું છે તે તેમનું છે એમ માની નિવેદન કરવામાં આવે તો પછી તેમાં અભિમાન રહેશે નહિ એમ શ્રીગુસાંઈજીએ કહ્યું છે. વલી જેમ દેહાદિકમાં અભિમાન મૂકી દેવું જોઇએ તેમજ દેહાદિક સાથે સંબંધ ધરાવનારાં સ્રી અને પુત્ર વિગેરેમાં પણ અભિમાન છોડી દેવું જોઇએ. એટલે પોતાનો જેમ શ્રીભગવાને અંગીકાર કર્યો છે; તેમજ સ્રી પુત્રાદિકનો પણ તેમણે અંગીકાર કર્યો છે, એમ માની તેઓ તેમનેજ અધીન હોવાથી તેઓનું પણ યોગ ક્ષેમ શ્રીપ્રભુજ કરશે એમ નિત્ય અનુસંધાન રાખવાથી પોતાના સ્રી પુત્રાદિકના પોષણ માટે પણ કાંઈપણ પ્રયત્ન કરવામાં નહિ આવે એવો પણ અભિપ્રાય બહાર આવે છે. અને જે અભિમાન છોડી દેવું તે પણ વાસના સહિત છોડી દેવું જોઇએ, કે જેથી તેની વાસના પણ આપણને ન રહે. માટેજ "**चिन्ताकापि**" એ શ્લોકમાં લૌકિકી અને અલૌકિકી એ બન્ને વાસનાનો ત્યાગ કરવાનું કહ્યું છે.

એ પ્રમાણે શ્રીમાન્ આચાર્યજીની આજ્ઞા પ્રમાણે વિવેક વિગેરેથી સેવા કરવામાં પોતાને ઈષ્ટ વસ્તુને જણાવનારી શ્રીભગવાન્‌ની આજ્ઞા શ્રીઆચાર્યજીની આજ્ઞાથી કાંઈ વિશેષવાળી થાય તો તે શ્રીપ્રભુની આજ્ઞા કરવી; એમ કહે છે. "**विशेषतः इति**" જો વિશેષે કરીને સેવા સંબંધી આજ્ઞા થાય અને તે વખતે શ્રીભગવાન્‌ને ઈષ્ટ અર્થનું પોતાને જ્ઞાન થાય તો શ્રીભગવાન્‌ના સ્વરૂપ અને લીલા સંબંધી વિશેષ ગતિ વિગેરે કાર્ય કરવું અને જો શ્રીભગવાન્‌ને ઈષ્ટ અર્થનું જ્ઞાન પોતાને ન થાય તો શ્રીઆચાર્યજીની આજ્ઞા પ્રમાણેજ સેવા કરવી. એવો અભિપ્રાય છે.

"હવે તે આજ્ઞા શ્રીભગવાનેજ કરી છે એમ કેમ સમજાય?" એવી શંકા થાય ત્યાં કહે છે કે **अंतःकरणेति** શ્રીભગવાન્‌ના પરમ ભક્તના અંતઃકરણમાં શ્રીપ્રભુની કાંઈ પણ આજ્ઞા સ્વપ્નદ્વારા થાય છે, અથવા તો એમ સેવા કરવાથી શ્રીપ્રભુ પોતેજ ભક્તોના અંતઃકરણમાં પ્રકટ થાય છે. અંતઃકરણ એટલે જ્ઞાન વિગેરે કાર્ય

જેનાથી થાય છે એવા ભક્તના ચિત્તમાં આત્મા સ્થિત થઇને રહ્યા છે એમ સમજવું. હવે એમ થયું ત્યારે તેવા પ્રકારની સેવા કરવાથી ભક્તને સર્વાંશે આત્મરૂપપણાથી શ્રીભગવાન્ સ્ફુરાયમાન થાય છે. એટલે તે આજ્ઞા પણ શ્રીભગવાને જ કરી છે એમ જણાય છે અને એમ જાણવામાં આવે ત્યારે શ્રીભગવાન્‌ના સ્વરૂપ અને લીલા સંબન્ધિ જે વિશેષ ગતિ હોય તે જ્યારે સેવા કરતાં જાણવામાં આવે ત્યારે સઘળું સ્નેહભાવથી કરવું. અને તેમના સ્વરૂપ અને લીલા સંબંધિ વિશેષ ગતિ જો જાણવામાં ન આવે તો આ પ્રમાણે (આચાર્યશ્રીની આજ્ઞા પ્રમાણે) કરવું, આજ બાબત "**सेवाकृतिः**" એ શ્લોકમાં નવરત્નમાં નિરૂપણ કરી છે. ॥૩॥

ત્યાં એવી શંકા થાય કે લૌકિક કાર્યમાં પણ ક્યારેક શ્રીભગવાન્‌ની વિશેષ આજ્ઞા થાય ત્યાં કેમ કરવું? તેના સમાધાન માટે મૂલમાં કહ્યું છે કે **दैहिकात् भिन्नम्** એટલે દેહ સંબંધી સ્ત્રીના વિવાહ તથા પુત્રાદિકને જનોઈ તથા વિવાહના સંબંધથી જુદી આજ્ઞા થાય, મતલબ કે શ્રીપ્રભુની સેવા સંબંધી વિશેષ આજ્ઞા થાય પણ લૌકિક સંબંધી વિશેષ આજ્ઞા થાય નહિ. માટે આપણે સઘળું શ્રીપ્રભુને અર્પણ કર્યું છે ત્યાર પછી લૌકિક જે કાંઈક પ્રાપ્ત થાય તે સર્વ તદીયપણાનું અનુસંધાન રાખીને તેમણે આપેલ મહાપ્રસાદપણાથી જેટલું આવશ્યક કાર્ય હોય તેટલુંજ કરવું; પણ વિશેષ ઉત્સાહ રાખીને ધનાદિકનો વ્યય કરવો નહિ એમ સમજવું એ છઠ્ઠો વિવેક છે. અથવા આચાર્યશ્રીની આજ્ઞા ઉપરાંત શ્રીપ્રભુની આજ્ઞા થાય તે સેવા સંબંધીજ થાય પણ દેહ સંબંધી થાયજ નહિ. કેમ કે દેહ સંબંધી તો અનર્થ રૂપ છે, માટે અનર્થ રૂપ આજ્ઞા શ્રીપ્રભુ કરેજ નહિ. (૩)

વખતે સેવા કરવામાં જોઈતાં ધન વિગેરે સાધનોના અભાવ હોય અને–તેને પરિણામે સેવા ન થઇ શકે એવો પ્રસંગ ઉભો થાય તો તેવે પ્રસંગે કરજ વિગેરે પણ કરીને શ્રીપ્રભુને સામગ્રી પૂરી પાડવી કે કેમ? એવી જ્યાં શંકા થાય ત્યાં કહે છે કે

मूलम्—आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ॥
अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ॥४॥

पदानि—आपद्गत्यादिकार्येषु, हठः त्याज्यः, च, सर्वथाः, अनाग्रहः च, सर्वत्र, धर्माधर्माग्रदर्शनम्,

अन्वयः—च आपद्गत्यादिकार्येपु सर्वथा हठः त्याज्यः च सर्वत्र अनाग्रहः धर्माधर्माग्रदर्शनम्

અર્થઃ—અને આપત્તિના સમયમાં શ્રીભગવાન્‌ના કાર્યો માટે હઠ નહિ કરવો જોઇએ, અને સ્માર્ત તથા વૈદિક ધર્મો કરવા માટે આગ્રહ નહિ કરવો જોઇએ (તથા) ધર્મ અને અધર્મનું સૂક્ષ્મ અવલોકન કરવું. અર્થાત્ પર્યવસાન જોવું.

વિવરણ—આપત્તિને વખતે શ્રીભગવાન્ સંબંધી જે કર્મો કર્તવ્ય છે તે કરવા માટે કરજ કરીને પણ સઘળું કરવુંજ એવો હઠ નહિ લેવો જોઇએ.[1] પરન્તુ જે મળતું હોય તેમાં સંતોષ પકડીને કાંઇપણ પ્રયત્ન નહિ કરતાં જે મળી આવે તેજ શ્રીઠાકોરજીને અર્પણ કરવું. પણ પ્રયત્નસાધ્ય વસ્તુનું અર્પણ કરવું નહિ, સંપ્રદાયના નિયમ પ્રમાણે ભાવ તથા સ્નેહસહિત આપણા તરફથી જે કાંઈ અર્પણ કરવામાં આવશે તેનો સાક્ષાત્ પ્રભુ અંગીકાર કરશેજ એમ સમજવું.

આજ બાબત " **प्राप्तंसेवेत निर्ममः** " એ શ્લોકમાં હવે પછી કહેવાશે. જ્યારે શ્રીભગવાન્‌ના કાર્યો માટે પણ હઠ નહિ કરવો જોઇએ. ત્યારે લૌકિક કાર્યો કરવા માટે તો હઠ કેમજ કરવો જોઇએ? (અર્થાત્ લૌકિક કાર્યો કરવા માટે તો હઠ નાહ કરવો જોઇએ) એ વાત કૈમુતિક ન્યાયથી સૂચિત થાય છે. એ સાતમો વિવેક છે.

---

૧ જો કરજ કરી સેવા કરવામાં આવે તો સેવા કરતી વખતે પણ કરજને પહોંચી વળવાના વિચારો આવવાથી સેવામાં જોઇતી ચિત્તની એકાગ્રતામાં હાનિ પહોંચે છે.

હવે વૈદિક કાર્યો માટે શી વ્યવસ્થા કરવી ? એમ જ્યાં શંકા થાય ત્યાં કહે છે કે **अनाग्रह इति** સઘળાં સ્માર્ત અને શ્રૌત (વૈદિક) વિગેરે ધર્મો ગમે તેમ કરીને પણ કરવાજ જોઇએ એવો આગ્રહ નાહે કરવો જોઇએ. પરન્તુ શ્રીભગવાન્‌ની આજ્ઞાથી પ્રાપ્ત થયેલ આવશ્યક કર્મો સેવા કરતાં બચતા વખતમાં કરી લેવાં. વળી **अनाग्रहश्च** એ સ્થળે જે અશબ્દ છે તે એમ જણાવે છે કે શ્રીભગવાન્ સાથે સંબંધ નહિ ધરાવનારાં કોઈ પણ કાર્ય કરવા માટે આગ્રહ નહિ કરવો જોઇએ એ આઠમો વિવેક છે.

હવે વૈદિક કર્મો કરવા માટે તો આગ્રહ કેમ છોડી દેવાય ? એવી જ્યાં શંકા થાય ત્યાં શ્રીઆચાર્યચરણો કહે છે કે **धर्माधर्मेति** સ્માર્ત વિગેરે ધર્મો અને તે ધર્મો પ્રમાણે નહિ ચાલવાથી ઉત્પન્ન થયેલા અધર્મોનું સૂક્ષ્મ અવલોકન કરવું જોઈએ. એટલે જે કૃત્ય કરવાથી અધર્મ થાય તેવું કૃત્ય નહિ કરવું જોઇએ. સ્માર્તધર્મો શ્રૌતધર્મો અને ભગવદ્ધર્મો એ ત્રણે ધર્મો માંહે સ્માર્તધર્મો કરતાં શ્રૌત (વૈદિક) ધર્મો બળવાન્ છે અને શ્રૌતધર્મો કરતાં પણ શ્રીભગવાન્‌ના ધર્મો બલવાન્ છે, તેમાં જેમ શ્રૌતવિધિ કરવા જતાં વખતે સ્માર્ત ધર્મોનો ત્યાગ કરવામાં આવે તો તો તે ત્યાગ દોષરૂપ થતો નથી. તેમ શ્રીભગવાન્‌ના ધર્મો પ્રમાણે ચાલવા જતાં જો સ્માર્ત તથા શ્રૌત એ બન્ને ધર્મોનો પણ જો ત્યાગ કરવામાં આવે તો તે દોષરૂપ થતો નથી. શ્રીભગવાન્‌ના ધર્મો અધિક બલવાળા છે એમ સમજીને અને સ્માર્ત તથા શ્રૌત ધર્મો ગૌણ છે એટલુંજ નહિ પણ તે ધર્મો પોતાના (આત્માના) ધર્મો નથી પણ દેહનાં ધર્મો છે એમ માનીને તે ધર્મ પ્રમાણે ચાલવાનો આગ્રહ નહિ કરવો જોઈએ એ નવમો વિવેક કહ્યો છે, જો આ માર્ગમાં કાંઈપણ કર્મ ન કરવામાં આવે તો આ માર્ગની સત્યતા માટે શંકા રહે તો તેવી શંકા ન રહે તેને માટે જે કર્મો કરવા માટે શ્રીભગવાન્‌ની આજ્ઞા થઈ હોય તેવાં કર્મો કરવાં જોઈએ. (૪)

એ પ્રમાણે ભગવત્સેવા સંબંધી વિવેકોને કહી ઉપસંહાર કરે છે.

मूलम्—विवेकोयं समाख्यातो धैर्यं तु विनिरूप्यते ॥

पदानि—विवेकः अयम्, समाख्यातः धैर्यम् तु विनिरूप्यते,

अन्वयः—अयम् विवेकः समाख्यातः धैर्यम् तु विनिरूप्यते.

અર્થ—આ વિવેક કહ્યો છે (અને હવે) ધૈર્ય તો નિરૂપણ કરાય છે.

વિવરણ:—જે માણુસ શ્રીભગવાનની સેવામાં પ્રવૃત્ત થાય છે તેને માટે આ વિવેક સારી ઢબમાં વિસ્તારથી કહેવામાં આવ્યો છે. આવા વિવેકથી જે માણુસ સેવામાં પ્રવૃત્ત થાય તે માણુસ સેવાનો નિભાવ કરી શકશે એમ સમજવું. એ પ્રમાણે વિવેકથી સેવામાં પ્રવૃત્ત થનાર માણુસ માટે બહારના ભજનની સિદ્ધિનો પ્રકાર તથા અંતરની સિદ્ધિનો પ્રકાર એમ બે પ્રકાર કહ્યા છે તેમાં પહેલો પ્રકાર કહ્યો છે અને અન્તરના ભજનની સિદ્ધિનો જે પ્રકાર કહેવામાં આવ્યો છે તે પ્રકારની સિદ્ધિ માટે ધૈર્યનું નિરૂપણ કરે છે **धैर्यमिति**, પહેલાં નવરત્નમાં **"चित्तोद्वेगम्"** (આપણને મનમાં કોઈ પણ જાતનો અસાધારણ ઉદ્વેગ થાય તો પણ તે વિષયની કાંઈ પણ ચિન્તા નહિ કરતાં પ્રભુની લીલા છે એમ સમજવું) એ વિગેરે શ્લોકોથી ધૈર્યનું નિરૂપણ કરવામાં આવનાર છે તે કાંઈક વિશેષ અર્થ વાળું છે. **धैर्यन्तु** આંહી તો તુ શબ્દ ધૈર્યના ઉપક્રમને જણાવનારો છે.

હવે તે ધૈર્યનું લક્ષણ કહે છે.

मूलम्—त्रिदुःखसहनं धैर्यमामृतः सर्वतः सदा ॥५॥
तक्रवद् देहवद्भाव्यं जडवत् गोपभार्यवत्

पदानि—त्रिदुःखसहनम्, धैर्यम्, आमृतेः सर्वतः सदा, तक्रवत्, देहवद्भाव्यम्, जडवत्, गोपभार्यवत्,

अन्वयः—आमृतेः सर्वतः सदा त्रिदुःखसहनम् धैर्यम् तक्रवत् देहवद्भाव्यम् जडवत् गोपभार्यवत्

અર્થ:—મરણ સુધી ચોતરફ નિત્ય ત્રણે દુઃખનું સહન કરવું (તે) ધૈર્ય (કહેવાય છે) (૫) છાશની પેઠે દેહવાળાએ દેહાદિકમાં અને તેના સંબંધીઓમાં રહેવું (અને) જળની માફક તથા ગોપસ્ત્રીની માફક રહેવું.

વિવરણ—આધિભૌતિક વિગેરે જે ત્રણે દુઃખો સહન કરવામાં આવે તે ધૈર્ય કહેવાય છે. એ ત્રણે દુઃખોમાં દેહના સંબંધથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે આધિભૌતિક કહેવાય છે, કામ:વિગેરેથી ઉત્પન્ન થતું ઇન્દ્રિય સંબંધી જે દુઃખ છે તે આધ્યાત્મિક કહેવાય છે, ભક્તની કસોટી કરવા માટે અથવા તો પ્રારબ્ધના ભોગ માટે ભગવાને પોતેજ પોતાના ભક્તને પોતા માટે પણ જોઇતી સામગ્રી પૂરી પાડવામાં વિલંબ કરી જે દુઃખ ઉત્પન્ન કર્યું હોય તે આધિદૈવિક કહેવાય છે. હવે જો આધિભૌતિક વિગેરે ત્રણે દુઃખો સહન કરવામાં ન આવે તો તેને પરિણામે ચિત્તની વ્યાકુલતા હોઇને સેવા થઇ શકે નહિ, અને સેવા ન થઈ શકે તો સેવકને સ્વધર્મની હાનિજ થાય. માટે સેવા બરાબર થઈ શકે એવા હેતુથી આધિભૌતિક વિગેરે ત્રણે દુઃખો સહન કરવાની શક્તિને ધૈર્ય કહ્યું છે, અને તે ધૈર્ય પણ છેવટે મોતનું સ્મરણ કરાવનારાં દુઃખો આવતાં સુધી અથવા તો પોતાના આયુષની સમાપ્તિ સુધી પણ પકડી રાખવું જોઇએ. એટલે સારાંશ કે ધૈર્ય ખોઇને પોતાના મનમાં જે ભગવાન્‌માં નિષ્ઠા છે તેનો ત્યાગ નહિ કરવો જોઇએ. તેમ વલી ચોતરફ પોતાના દેહ તથા ઇન્દ્રિયો વિગેરે સાથે સંબંધ ધરાવનારાઓ તરફથી પણ થતાં ઉપર કહેવામાં આવેલા ત્રણે દુઃખો માંહેના એક અથવા તો બે દુઃખજ સહન કરવાં એવો કાંઈ નિયમ નથી. પણ **સર્વતઃ** એટલે સઘળાં ત્રણે દુઃખો સહન કરવાં જોઇએ. તે પણ **સદા** નિત્ય સહન કરવાં જોઇએ, એટલે કે તે કોઈ વખતેજ સહન કરવાં જોઈએ એમ સમજવાનુ નથી. આવું જે વર્તન રાખવામાં આવે તે ધીરજ કહેવાય છે.

હવે પછી દેહાભિમાન વિદ્યમાન હોઇને દુઃખનું સહન કરવું એ નહિ બની શકે એવું છે એ દૃષ્ટાન્તથી દેહમાં અભિમાન નહિ કરવું જોઈએ, એમ ઠરાવવા માટે પ્રતિપાદન કરે છે. **तक्रवदिति** છાશ જેમ નિઃસાર હોય છે માટે તે ત્યાગ કરવા યોગ્ય છે, એમ માની તેમાં આપણે અભિમાન બાંધતા નથી; એટલે વખતે તે ઢોળાઈ જાય તો પણ તેનો આપણને ખેદ થતો નથી અને માંખણ તો છાશના સાર રૂપ છે એટલે તેમાં આપણને અભિમાન બંધાય છે. મતલબ કે તેમાં અભિમાન હોવાથી તેનો નાશ થવાથી આપણને દુઃખ થાય છે તેમ દેહ વિગેરે તથા તેની સાથે સંબંધ ધરાવનારા પદાર્થો નિઃસાર હોઇને તેઓનામાં અભિમાન ત્યાગ કરવાનો વિચાર રાખવાનો છે, માટે દેહાદિકમાં અભિમાન છોડી દેવું જોઇએ, અને તે અભિમાનનો ત્યાગ કરવાથી દેહાદિકે કરેલાં માન તથા અપમાન થતાં દુઃખોમાં પણ અભિમાનનો ત્યાગ કરવાથી કાંઇપણ દુઃખ થશે નહિં, એવા અભિપ્રાયથી કહ્યું છે કે “**तक्रवत्**” મતલબ કે દેહાદિક તથા તેની સાથે સંબંધ ધરાવનારાઓ તરફ છાશની માફક નિઃસાર દૃષ્ટિથી જોવું.

આ વિષય જોતાં આપણને એવી સૂચના મળે છે કે શ્રીભગવાન્‌ની સાથે સંબન્ધ ધરાવનારાં કાર્યોમાંજ માંખણની માફક અભિમાન બાંધવું, અને એમ અભિમાન બાંધવાથી ભગવદીયોને શ્રીભગવાન્‌ની સેવા કરવામાંજ સુખ થાય છે. અને શ્રીભગવાન્‌ની સાથે સંબંધ ધરાવનારાં કાર્યોમાં જો તેઓનું વલણ જોવામાં ન આવે તો તેઓને દુઃખ થાય છે. પણ દેહાદિ અથવા તો તેના સંબંધીઓ તેઓને કાંઈ પણ દુઃખ આપી શકતા નથી એમ સમજવું.

એ પ્રમાણે આધિભૌતિક દુઃખો શી રીતે સહન કરી શકાય? એ માટેનું દૃષ્ટાન્ત આપીને આધ્યાત્મિક દુઃખો સહન કરવા માટે દૃષ્ટાન્ત કહે છે. **जडवदिति** આધ્યાત્મિક એટલે ઇન્દ્રિયો વિગેરે સાથે સંબંધ ધરાવનારા કામ તથા ક્રોધાદિકથી ઉત્પન્ન થયેલાં દુઃખો સહન કરવાનો અભ્યાસ કરવા માટે જડભરતની ભાવના

કરવી. જેમ કે ભગવદ્ભાવથી જડ ભરત બનેલાની સઘળી ઇન્દ્રિયો ભગવદ્ભાવવાળી હોઇને તેને તે તે ઇન્દ્રિયોથી થતાં દુઃખોનું ભાન થતું નથી. અને તે જડ બની ગયો છે, તેમ સેવામાં પ્રવૃત્ત થયેલા ભક્તની સઘળી ઇન્દ્રિયોને ભગવદ્ભાવનું અનુસંધાન હોઇને દેહાદિકમાં અભિમાન હોતું નથી. શ્રીભગવાન્માંજ સઘળી વસ્તુઓનો વિનિયોગ કરવાથી નિરંતર તેમની સેવા તથા તેમના ગુણોનું કીર્તન તથા તેઓના સ્મરણના આવેશથી આપણને કામ વિગેરેથી ઉત્પન્ન થયેલું દુઃખ ન થાય એવા અભિપ્રાયથી કહ્યું છે કે "**जडवदिति**" અને એમ થવાથી જ્યાં સુધી જડની માફક ભાવના રાખવામાં આવે તો ત્યાં સુધી નિરંતર આપણામાં શ્રીભગવાન્નો આવેશ રહે. એટલે મતલબ કે તે તે ઇન્દ્રિયોના દુઃખો સહન કરીને પણ સેવા કરવી, પણ વિષયભોગ વિગેરે નહિ કરવું, અને જો વિષયો વિગેરે ભોગવવામાં આવશે તો તેઓ પોતે અતિ ક્ષુદ્ર હોઇને પોતાના આવેશની જગ્યા શ્રીભગવાન્ના આવેશને આપશે નહિ, એવો અભિપ્રાય નીકળે છે. એ પ્રમાણે આધ્યાત્મિક દુઃખનું નિરૂપણ કરીને આધિદૈવિકમાં દૃષ્ટાન્ત કહે છે **गोपभार्यवत्**, આપણાં પ્રારબ્ધનો ભોગ પૂરો કરવા માટે અથવા તો આપણની કસોટી કરવા માટે પ્રભુ આપણી ઇચ્છાઓ પૂરી પાડવામાં વખતે વાર લગાડે તો ગોપભાર્યાની ભાવના કરવી જેમ કે અન્તર્ગૃહમાં રહેલાં ગોપભાર્યાઓનો જારબુદ્ધિના હેતુરૂપ પ્રારબ્ધભોગ પૂરો કરવા માટે પ્રભુ તરફથી વિલંબ કરવામાં આવ્યો છે એટલે પ્રારબ્ધભોગ સમાપ્ત થયા પછી તેઓને શ્રીપ્રભુની પ્રાપ્તિ થઇ છે. તેમ મને પણ મારાં પ્રારબ્ધનો ભોગ પૂરો થયા પછી શ્રીભગવાન્ પોતાની પ્રાપ્તિ દેશેજ એટલે સુધી ધીરજ પકડીને પણ દુઃખ સહન કરવું; એવો આ સંદર્ભનો અભિપ્રાય છે માટેજ **आमृतेः** (મરણ સુધી) ધીરજ પકડવાનું કહેવામાં આવ્યું છે.

શ્રીગોપીજનોને પોતાના સગુણ દેહનો ત્યાગ થયા પછીજ

ફુલ થયું છે. તેમ આંહીઆં પણ કસોટી કરવા માટે નહિ કે પ્રારબ્ધ ભોગ પૂરો કરવા માટે આપણું હિત પૂરૂં પાડવામાં જો પ્રભુ કાંઇ પણ વખત લગાડે તો અંતર્ગૃહમાં રહેલાં શ્રીગોપીજનો શિવાયના બીજા શ્રીગોપીજનોની ભાવના કરવી. જેમ કે તે શ્રીગોપીજનોનું રાસના આરંભમાં આવવું થયા પછી તેઓને "પોતાની પાસે વધુ વખત નહિ રોકાવા સંબંધી" શ્રીભગવાન્ તરફથી થયેલી આજ્ઞા પોતાને કાને આવતાં છતાં પણ યજ્ઞપત્નીની માફક ઘેર ગયા નહિ; પરંતુ પોતાને ઇષ્ટ વસ્તુ નહિ પૂરી પડવાને પરિણામે ઉત્પન્ન થયેલ દુઃખોના દબાણથી ઠુંઠની માફક ઉભા રહ્યા. તથા પોતાની સઘલી ઇન્દ્રિયો ગભરાટવાળી હોવા છતાં પણ તેઓએ દુઃખ સહન કરી ધીરજ પકડી; તેઓએ ભક્તિમાર્ગ તરફ ઢળતો ઉત્તર આપ્યો છે, એ પ્રમાણે તેઓએ ઇશારાથી પોતાની ગર્ભિત શી ઇચ્છા છે? તે જણાવ્યું પણ ઘર તરફ પાછા ફરવાની ઇચ્છા જણાવી નહિ. તેવી રીતે ભાવનાને પરિણામે વિલંબથી ઉત્પન્ન થયેલાં દુઃખો સહન કરી ઉપાધિ વગરના સ્નેહથી ભક્તિમાર્ગમાં આપણે જો રહીશું તો શ્રીભગવાન્ આપણને ફુલ દેશેજ; માટે દુઃખ સહન કરવું. એમ સમજાવવા માટે શ્રીમાન્ આચાર્યચરણોએ કહ્યું છે કે "**गोपभार्यवत्**" આંહીઆં ભાર્યા શબ્દ વાપર્યો છે તેનો જો કે ભરણ પોષણ કરવાને યોગ્ય એવો અર્થ થાય છે, તો પણ તેઓને પોતાના પતિ તરફથી મળતું ભરણ પોષણ વિગેરે ઇષ્ટ નથી, પણ શ્રીભગવાન્ તરફથીજ થતું ભરણ પોષણ ઇષ્ટ છે, એટલે જો તેઓને શ્રીભગવાન્ તરફથી ભરણ પોષણ ન મળે તો તો તેઓનું જીવનજ ટકી શકતું નથી. કારણ કે ભરણ પોષણાદિકના સાધન રૂપ જે ઘર વિગેરે છે, તેનો ઉપયોગ શ્રીભગવાન્ માટે ન થતો હોય તો તે ઘર વિગેરેનો પણ તેઓ ત્યાગ કરી દે છે. અને તેમને માટેજ તેઓનો ઉપયોગ થતો હોય તો તેઓ ગૃહાદિકને ભોગ્ય માની તેઓનો સ્વીકાર કરે છે, તેમ પ્રભુ વિલંબ કરે તો પણ શ્રીભગવાન્ શિવાય દેહાદિક સંબંધિ જે કાંઇ પહેલાં કહેવામાં આવ્યું છે તેમના ભરણ

પોષણ માટે કાંઈ પણ ચિન્તા કરવી નહિ, પણ પ્રભુ તો મારૂં ભરણ પોષણ વિગેરે કરશેજ એવો નિશ્ચય કરી ધીરજ પકડવી એમ "ગોપભાર્ય" એ શબ્દથી જણાવ્યું છે.

વળી શ્રીમાન્ આચાર્યચરણો સાક્ષાત્ શ્રી પુરૂષોત્તમના શ્રી-મુખ રૂપ હોઇને તેઓશ્રીએ કહેલાં વાક્યો ઉપનિષદ્ રૂપ છે. તેથી **भार्यावत्** એમ દીર્ઘ લખવાના બદલામાં **गोपभार्यवत्** એમ જે હૃસ્વ લખવામાં આવ્યું છે તે છાંદસ સમજવું. "શ્રીઆચાર્યજી શ્રી પુરૂષોત્તમના શ્રી મુખરૂપ છે, માટે તેઓનું લખાણ ઉપનિષદ્રૂપ હોઇને ભાર્યા શબ્દને હૃસ્વ લખવામાં આવ્યો છે તે છાંદસ સમજવો" ઉપર આપવામાં આવેલું આ સમાધાન સ્વકીય ભક્તોને જ ગળે ઉતરે એવું છે પણ જો કોઇ ભ્રાન્ત હોય તો તેને તો શંકાસ્પદ જણાય છે માટે તેનું બીજું સમાધાન આપવામાં આવે છે કે **गोपानां भार्यः** એટલે ભરણ પોષણ કરવાને યોગ્ય મતલબ કે તે ગોપોનાજ સ્ત્રીજન એમ સમજવું. એ પ્રમાણે **तक्षवत्, जडवत्** અને **गोपभार्यवत्** એ ત્રણે દૃષ્ટાન્તના અભ્યાસથી ઉપર કહેવામાં આવેલાં દુઃખો સહન કરવાથી શરીર, મન અને વાણીની શરણાગતિ થાય છે, એટલે કે દેહસંબંધ ભૌતિક દુઃખો સહન કરવાથી પહેલાં સેવામાં પ્રવૃત્તિ થયે કાયિકી શરણાગતિ થાય છે. ઇન્દ્રિય સંબંધી આધ્યાત્મિક દુઃખ સહન કરવાથી મન શ્રીભગવાન્માં નિષ્ઠાવાળું થાય છે. એટલે તેની શરણાગતિ થઈ. અને તે પછી શ્રીભગવાને કરેલો વિલંબ સહન કરવો કારણ કે તેમણે કરેલો વિલંબ વિરહાત્મક હોવાથી તેના સ્વભાવથી નિરંતર તેમના ગુણ ગાવામાં વચન પણ ભગવાન્માં નિષ્ઠાવાળું થાય છે, એ પ્રમાણે ત્રણ પ્રકારની શરણાગતિ નિરૂપણ કરવામાં આવી, વળી આંહીયાં એટલું સમજવાનું છે કે દેહ તથા ઇન્દ્રિયો વિગેરે સાથે સંબંધ ધરાવનારા જે લોકો હોય તેજ આપણુથી જો પ્રતિકૂલ હોય તો તેઓ સેવામાં અંતરાયરૂપ હોવાથી તેઓનો ત્યાગ કરવોજ જોઇએ. આ વિષય સેવાપ્રકરણમાં

" **तत्त्वार्थ दीप** " માં " **भार्यादिरनुकूलश्चेत्** " એ વિગેરે શ્લો-કોથી નિરૂપણ કરવામાં આવ્યો છે તો તે પ્રમાણે તેનો ત્યાગ કરવામાં આપણે તે સ્ત્રી પુત્રાદિકના ઉપયોગમાં નહિ આવતાં તેઓ આપણુનો તિરસ્કાર વિગેરે કરે એમ જગત્‌માં જોવામાં આવે છે. એટલે તેઓના તિરસ્કારના પાત્ર થઇએ તો પણ આપણે ભગવદીય હોઇને પણ જો તેઓ પર ક્રોધ કરીએ તો આપણે બહિર્મુખ કહેવાઇએ અને તે ક્રોધ સેવામાં આવરણ રૂપ થઈ પડે છે, એટલે તે સઘળું દુઃખ સેવા માટે સહન કરવુંજ જોઇએ; માટે ત્રણે દુઃખો સહન કરવાનું કહ્યું છે. અને સેવાજ ન કરવામાં આવતી હોય તો સ્ત્રી પુત્રાદિકે કરેલો પ્રતિબંધ નહિ હોવાથી આપણને કાંઈ પણ સહન કરવાનું રહેતું નથી.

આંહી ગોપભાર્યાના દૃષ્ટાન્તમાં શ્રી વ્રજોત્સવજી મહારાજ નીચેની આખ્યાયિકા લખે છે.

કોઈ એક બ્રાહ્મણ તેમની સ્ત્રી અને તેમનો બાલક પુત્ર એ ત્રણે જણા યાત્રા કરવા વાસ્તે નીકળ્યાં, તેઓ ત્રણે એક સ્થળે વનમાં સૂતાં હતાં. તેવા સંયોગમાં કોઈ એક રાજા ત્યાં આવી ચઢયો, તે તે બ્રાહ્મણીને ખુબસુરત જોઈ તે તરફ લલચાઈ તેમને ઉઠાવી ગયો, પણ તે બ્રાહ્મણી પતિવ્રતા હોવાથી રાજાના ઘરમાં જઈ તેણે રાજાને જણાવ્યું કે છ માસ સુધી મારે અમુક જાતનું કોઈ એક વ્રત છે, માટે હું તમારી સાથે તમારી ઇચ્છા પ્રમાણે વર્ત્તી શકીશ નહિં; અને હમેશાં અમુક સંખ્યામાં પરદેશી બ્રાહ્મણને જમાડયા પછી હું જમીશ, તે વાત રાજાએ સ્વીકારવાથી દરરોજ પરદેશી બ્રાહ્મણોને જમાડવા લાગી. હવે (તેણીનો પતી) બ્રાહ્મણ વનમાં સૂતો હતો તે જાગ્યો ત્યાં સ્ત્રીને નહિ દેખવાથી વિહ્વલ થઈ સૂતેલા બાલક છોકરાને ભૂલી જઇ સ્ત્રીને શોધવા ચાલી નીકલ્યો. તેટલામાં કોય વણઝારો શેઠ તે સ્થલે આવ્યો. તેને સંતતિ નહિં હોવાથી તે સૂતેલા બાલકને લઈ ગયો. એવી રીતે બ્રાહ્મણ તેની સ્ત્રી અને તેનો નાનો બાલક ત્રણે જુદા પડી ગયા, તે પછી કેટલાક સમયે દૈવ

ઇચ્છાથી તેણીનોજ પતિ ત્યાં સીધું લેવા કોઇ એક દિવસે આવી ચડયો, આવા અણધારેલા સંયોગમાં તેણીને પોતાનો પતિ મળતાં તેમને પોતે એક શિવાલયમાં મળવાનું જણાવ્યું, હવે પતિને મળવાની ઇચ્છાથી રાજાને બંગલે તેમણે ખબર આપ્યા કે આજની રાત્રિ તમારે ત્યાં પસાર કરીશ, એમ ખબર આપી ત્યાં જઇ તેમને મદિરાનું પાન કરાવી તેણી તેમનું ખુન કરી પોતાના પતિને મળવા ગઇ, પતિને મળવા જતાં તેણીને પોતાના પતિને સર્પે કરડેલો અને તેથી મરણ પામેલો નજરે પડયો, ત્યાંથી કંટાલીને તે બીજા દેશો તરફ ચાલી નીકળી. દૈવેચ્છાથી તે પાવચ્યાના હાથમાં આવતાં વેશ્યા બની; અને તેવી પોતાની વેશ્યા અવસ્થામાં પોતાનો ધંધો પોતાની ઇચ્છા નહિ હોવા છતાં પરાધીન થવાથી ધમધોકાર ચલાવતાં કોઇ દિવસે તેણીની પાસે તેણીનો જ પુત્ર (જે વનમાં વિખુટો પડયો હતો તે) આવી ચડયો, પોતાના પુત્રની અમુક નિશાની જોઈ તે ચોંકી ઉઠી; આ પ્રમાણે પોતાના પુત્રની સાથે થયેલી ગંભીર ભૂલથી નારાજ થઈ બ્રાહ્મણોનો વિચાર લઈ પોતાના નહાના (વેશ્યા અવસ્થામાં ઉત્પન્ન થયેલા) પુત્રની જોડે ચિતામાં પેઠી અને ચિતા સળગાવી. ત્યાં પોતાનો પુત્ર સુકુમાર હોવાથી તુરતજ મરણને શરણ થયો, એટલામાં ધોધમાર વરસાદ આવવાથી ચિતાના અગ્નિમાંથી તે બચવા પામી અને પાણીના પ્રવાહમાં લાકડાં સાથે તણાઇ ગઇ; ત્યાં કોઈ એક ગોવાળીઆને હાથ પડી, તેમણે તેણીને સ્ત્રી તરીકે રાખી, હવે તે ગોવાલણ પોતાની સાહેલીઓ સાથે છાશ વેચવાને નીકળી, ત્યાં રસ્તે ચાલતાં કોઇ એક જગ્યાએ ચોમાસામાં મત્ત થયેલા આખલાઓના મલ્લયુદ્ધમાંથી પસાર થતાં તે સઘળીઓની છાશની દોણીઓ પડી ગઇ, આમ થવાથી તેણીની સઘળી સહીઅરો તો દિલગીર થવા લાગી; છતાં પણ આ એક પોતેજ ફક્ત કાંઇ પણ દિલગીર નહિ થતાં હસવા લાગી. આવો નમુનેદાર દાખલો જોઇ તેણીની સહીઅરો માંહેની એક વડી સહીઅરે પૂછયું કે

બ્હેન ? આપણ સઘળાંઓને એક જાતનું નુકશાન થતાં છતાં પણ દિલગીર થવાને બદલે તમો કેમ હસોછો ! યોગ્ય જણાય તો અમોને હસવાનું કારણ બતાવી આભારી કરશો.

સહીઅરના ઉપરના પ્રશ્નના જવાબમાં તેણીએ જણાવ્યું કે:–

हत्वा नृपं पतिमवेक्ष्य भुजङ्गदष्टं देशान्तरे विधिवशाद्गणिकास्मिजाता।।पुत्रंपतिं समधिगम्याचितां प्रविष्टा शोचामिगोपगृहिणी कथमद्यतक्रम् ॥

(રાજાનું ખુન કરી તથા પતિને[1] સર્પે કરડેલો જોઈ હું મારાં પ્રારબ્ધના યોગથી બીજા દેશમાં વેશ્યા થઇ, અને વળી વેશ્યા અવસ્થામાં પણ મારો મોટો પુત્રજ પતિ તરીકે મારી પાસે આવેલો જોઇ ચિતામાં પેઠી અને ત્યાં પણ વરસાદ આવતાં તેમાંથી હું મારાં દુર્ભાગ્યે બચવા પામી કોઇ એક ગોવાલીઆના હાથમાં આવતાં તેમણે મારી સારવાર કરી હું સારી થતાં મારો સ્ત્રી તરીકે સ્વીકાર કર્યો.

આવી આપત્તિની પરંપરામાંથી પસાર થનારી હું તે, આ નજીવી છાશ માટે તો કેમજ શોક કરૂં ?

ઉપરની બાબત શ્રીવ્રજરાયજી મહારાજ પણ જણાવે છે અને "**जडवत्**" એ શબ્દનું વિવરણ કરતાં પણ તેઓશ્રી જણાવે છે કે જેમ જડભરતનું જડભરતપણું જો કે મુક્તિનું સાધન હતું, તો પણ તેમણે પહેલાં મૃગ શરીરની પ્રાપ્તિથી થયેલ દુઃખ સહન કર્યું. તે પછી ભાભીઓ તરફથી આપવામાં આવતા દુષ્ટ ખોરાક વિગેરેનું દુઃખ સહન કર્યું. તે પછી ભદ્રકાલી માતા પાસે પોતાનું જ બલિદાન થતાં સુધીનું દુઃખ સહન કર્યું. અને છેવટે રહૂગણ

---

૧ આ સ્થળે શ્રીવ્રજોત્સવજી મહારાજે તો તે તેણીનો પોતાનોજ પતિ હતો એમ સ્વીકાર્યું નથી, તો પણ " નૃપ માર ચલી અપને પતિસૂં " એ કવિત્તમાં તો તે તેણીનો પોતાનોજ પતિ હતો એમ સ્વીકાર્યું છે. અને લોકવાર્તામાં પણ તેમજ સ્વીકાર્યું છે, માટે તેમને અનુસારેજ ઉપલી હકીકત લખવામાં આવી છે.

રાજાની પાલખી ઉઠાવવા સુધીનું ભોઇને છાજતું દુઃખ સહન કરવાને પણ તેમણે બીલકુલ આનાકાની કરી નથી. મતલબ કે આવાં એક નહિ પણ અનેક દુઃખો સહન કરવાને જડભરતની માફક આપણે હમેશાં તૈયાર રહેવું જોઇએ, અને એવાં દુઃખો સહન કરવા માટે રાખવામાં તથા બતાવવામાં આવતી તૈય્યારીજ ધૈર્ય કહેવાય છે. (૬)

"સ્ત્રી વિગેરે આપણુનો તિરસ્કાર વિગેરે કરી જો દુઃખનું કારણુ ન આપે તો પણુ તેઓનો ત્યાગ કરવો કે કેમ ?" એવી શંકા થાય ત્યાં કહે છે કે:—

મૂલમ્—प्रतीकारोयदृच्छातः सिद्धश्चेन्नाग्रहीभवेत् ॥
भार्यादीनां तथाऽन्येषामसतश्चाक्रमंसहेत् ॥७॥

पदानि—प्रतीकारः, यदृच्छातः, सिद्धः, चेत्, न, आग्रहीभवेत, भार्यादीनाम्, तथा, अन्येषाम्, असतः, च, अक्रमम्, सहेत्.

अन्वयः—यदृच्छातः प्रतीकारः सिद्धः चेत् भार्यादीनाम् तथा अन्येषाम् (त्यागे) आग्रही न भवेत् च असतः अक्रमम् सहेत्

અર્થ:—શ્રીભગવાન્‌ની ઇચ્છાથી જો સ્ત્રી વિગેરે અનુકૂલ અથવા તો ઉદાસીન હોઇને સેવામાં આડાં આવતાં ન હોય તો તેઓનો તથા બીજાઓનો ત્યાગ કરવામાં આગ્રહવાળો થાય નહિ. અને નીચ માણસના અતિક્રમને સહન કરે.

વિવરણ—શ્રીભગવાન્‌ની ઇચ્છાથી જો સ્ત્રી વિગેરે અનુકૂલ અથવા તો ઉદાસીન હોઇને આપણુને સેવા કરવામાં આવરણુ રૂપ ન થતાં હોય તો તેઓનો ત્યાગ કરવાના હઠપર નહિ ચડવું જોઇએ, એટલુંજ નહિ પણુ તેઓ અનુકૂલ હોય તો તેઓની પાસે પણુ સેવા કરાવવી. જો તેઓ ઉદાસીન હોય તો જાતેજ સેવા કરવી. પરંતુ જાતે સેવા કરતાં છતાં પણુ તેઓનુ સઘળી રીતનું

યોગ ક્ષેમ તો કરવુંજ જોઇએ પણ તેઓનો ત્યાગ તો નહિ કરવો જોઇએ.

જો તેઓ પ્રતિકૂલ હોય તોજ ત્યાગ કરવો જોઇએ એવા અભિપ્રાયથી કહ્યું છે કે **"નાગ્રહીભવેત્"** જો તેઓ પ્રતિકૂલ ન હોય છતાં પણ ગમે તે રીતે તેઓનો ત્યાગજ કરવો જોઇએ એવા હઠપર નહિ આવવું જોઇએ છતાં પણ જો તેઓનો દુરાગ્રહથી ત્યાગ કરવામાં આવશે તો તેઓ પોતે સારા હોઇને પણ પોતાનો ત્યાગ થતો જોઇ પોતે ક્રોધના આવેશમાં આવી આપણને પણ ક્રોધ કરવાનું કારણ આપશે, અને આવા સંયોગમાં આપણે જાતેજ સેવા કરવામાં આવરણરૂપ થઈ પડીએ છીએ માટે સ્ત્રી વિગેરે જો સારાં હોય તો તેઓનો ત્યાગ નહિ કરવો જોઇએ એમ સમજવું.

ભૌતિક દુઃખો મટાડવા માટેની આ ઉત્તમ વ્યવસ્થા છે.

આધ્યાત્મિક દુઃખો માટેની વ્યવસ્થા કહેવામાં આવે છે કે સઘળી ઇન્દ્રિયોને પોતપોતાના વિષયરૂપ ભોગ્ય વસ્તુનો ત્યાગ કરવા જતાં દુઃખ થાય છે. આવો એક ચોક્કસ નિયમ છતાં જો શ્રીભગવાન્‌ની ઇચ્છાથી ઇન્દ્રિયોનેજ પોતાની ભોગ્યવસ્તુ ભોગવવા તરફ પ્રવૃત્તિજ ન થાય તો ઇન્દ્રિયોના ભોગો સેવામાં અંતરાયરૂપ થતા નથી; એટલે તેઓનો ત્યાગ કરવાનો આગ્રહ નહિ રાખવો જોઇએ. કારણકે તેવો ત્યાગ કરવાનો આગ્રહ નહિ રાખનારને માલા અને ચંદન વિગેરે સઘળા ભોગની સામગ્રી પોતાના પ્રભુ નિમિત્તજ હોઇને અવશ્ય જરૂરની છે, માટે તે સામગ્રીનો પ્રભુ માટે ઉપયોગ થયા પછી તેમણે આપેલ ભોગો મહાપ્રસાદરૂપ તથા પોતાના સૌભાગ્યરૂપ હોવાથી તે ભોગો જો ભોગવવામાં આવે તો આપણની બહાર અને આંતરશુદ્ધિ થવાથી આપણુમાં શ્રીભગવાન્‌ના ધર્મોનો આવેશ થાય છે. માટે ભગવદુપભુક્ત શેષ ભોગોનો ત્યાગ નહિ કરવો. એટલે મતલબ કે સાંસારિક સુખો ભોગવવાના હેતુથી સંગ્રહ કરવામાં આવેલા સઘળા વિષ-

ચોનો તો ત્યાગ કરવોજ જોઇએ, અને તેજ ભોગો સાંસારિક સુખ ભોગવવાના કારણરૂપ ન હોય પણ શ્રીભગવાન્‌ના ઉપયોગમાં લાવવાના હેતુથી તેઓનો સંગ્રહ કરવામાં આવ્યો હોય તો તેઓનો ત્યાગ નહિ કરવો જોઇએ. કારણ કે શ્રીભગવાન્‌ના ઉપયોગમાં લાવવામાં આવનાર ભોગો અલૌકિક હોઇને કોઇ એક જાતનું ફળ આપનાર નીવડે છે. એ વાત ધ્વનિથી નીકળે છે. આજ વિષય સેવાફલમાં " **अलौकिक भोगस्तु** " એ વિગેરે શ્લોકોથી કહેવામાં આવ્યો છે.

આધિદૈવિક દુઃખ મટાડવા માટેની વ્યવસ્થા કહે છે કે આપણા પ્રારબ્ધ ભોગ પછી અથવા તો આપણી કસોટી કર્યા પછી ભગવાન્ કૃપાથી આપણને સેવા કરવામાં ઉપયોગિ ધન વિગેરે દેવા માંગે તો સાક્ષાત્ અથવા તો પહેઢી ઉતાર પોતાને પોતાના પ્રયત્ન વગર જે કાંઇ ધન વિગેરે મળ્યું હોય તે ધન વિગેરે ઉપાધિ રહિત તથા શુદ્ધ છે એમ કહ્યુ છે, માટે તેવાં ધન વિગેરેનો ત્યાગ કરવા માટેનો આગ્રહ નહિ કરવો જોઇએ. જે ભોગો ભોગવવાનું આપણું પ્રારબ્ધ છે તે ભોગો આપણને ભોગવવાજ જોઇશે, છતાં આપણે નહિ ભોગવીએ તો બીજા જન્મમાં પણ ભોગવવાજ જાઇશે. એટલે પ્રતિબંધ રહેશે નહિ, કારણકે પ્રારબ્ધ પણ શ્રીભગવાન્‌નેજ અધીન છે; પરન્તુ શ્રીભગવાને પોતાના ઉપભોગ માટેજ મને આ દીધું છે એમ માની સઘળું શ્રીભગવાન્ માટેજ ઉપયોગમાં લેવું, પણ પોતાના સ્વાર્થ માટે ઉપયોગમાં લેવું નહિ, તેમ " **निजेच्छात: करिष्यति** " એ સ્થલે પોતાના ભક્તોની અવિકૃત ઇચ્છાથી કરશે એમ કહ્યું છે. તેમજ સિદ્ધાન્ત મુક્તાવલિમાં પણ " **कृष्णं परंब्रह्म** " એના વિવરણમાં કહ્યું છે કે આપણને ભજનમાં યોગ્ય જેટલા પૈસાની જરૂર જણાય તેટલા પૈસા પ્રભુ તરફથીજ પૂરા પાડવામાં આવે છે.

એ પ્રમાણે સાધારણ રીતે આધિભોતિક વિગેરે દુઃખો સહન કરવાનું ટુંકામાં કહેવામાં આવ્યું છે. અને હવે પછી દેહાદિકના

સંબંધી કોણ છે? એવી જ્યાં જાણવાની ઈચ્છા થાય ત્યાં પહેલાં અંગત દેહના સંબંધી કોણ છે? એ કહે છે **भार्यादीनाम् इति** ભાર્યાદિ એટલે ભરણપોષણ કરવા યોગ્ય કે જેઓ દેહાદિ સાથે સંબંધ ધરાવનારાઓની જોડે તુલ્યતા ધરાવે છે. તેઓનું ભરણ પોષણુજ જરૂરનું છે પણ તેઓમાં અમુક જાતનો કોઈપણ ધર્મ હોય તોજ ભરણુ પોષણ કરવું એવો કાંઈ નિયમ નથી.

આપણા તરફથી સ્ત્રી વિગેરેને સંતોષ આપવા માટે આપણા પોતાના દેહ તથા ઇન્દ્રિયો સુધીનાને પણ તેઓના ઉપયોગમાંજ જોડી જે કાંઈ બનતું કરવામાં આવે છે તે ભરણપોષણ કહેવાય છે, અને જો તેઓ તરફ આવું તેમને પસંદ પડતું વર્તન ચલાવવામાં નહિ આવે તો તેઓ આપણી સામે થઇ જાય છે. અને એવા સંયોગો ઉભા થતાં પણ આપણે સહનશીલતાજ પકડવી જોઇએ; નહિ કે ક્રોધાદિ કરવો. અને જો તેઓની સામે ક્રોધ વિગેરે કરવામાં આવશે તો તે ક્રોધાદિ સેવામાં અંતરાયરૂપ થઈ પડશે, અને એટલુંજ નહિ પણ ક્રોધાદિકના ભોગ થવાથી આપણે પોતેજ બહિર્મુખ તરીકે ગણાઈશું; અને તેમજ બીજા બાંધવો, મિત્ર વિગેરે, ઉદાસીન અને બહિર્મુખ લોકો પણ આપણા તરફથી થોડાક સમય પહેલાં કરવામાં આવતા તેમના નિત્ય સમાગમ વિગેરે વ્યવહારો જો હાલ બંધ પાડવામાં આવે તો તેઓ આપણી અદેખાઈ કરી આપણી સામે થઈ જાય છે. આવા તેઓના અદેખાઈ ભરેલા અપરાધો થતાં પણ તેઓને ક્ષમા આપવી એજ આપણું કર્તવ્ય છે, અથવા તો ભાયાતો જો કે શ્રીભગવાન્‌ના પરમભક્ત હોય તો પણ તેઓ પોતાના ભાયાતોના સ્વભાવપર જઇ ભાયા ભાગ પાડતી વખતે દ્વેષને લીધે આપણી સામે થઈ જાય એમ સંભવે છે.

અને વલી ભાર્યા અને પુત્ર વિગેરે જેમ દેહ સાથે સંબંધ ધરાવનારા છે, તેમ દાસો પણ આપણાં ધન સાથે સંબંધ ધરાવનારા હોઇને તેઓનો આપણા પોષ્યવર્ગમાં અંતર્ભાવ થાય છે.

એટલે તેઓના કરવામાં આવતા સંગથી તે દાસ પણ આપણો અતિક્રમ કરે, તોપણ તેનો અતિક્રમ સહન કરવો જોઇએ, સ્ત્રી પુત્રો વિગેરેને ધર્મવિરોધી હોઇને પ્રતિકૂલોનો અતિક્રમ સહન કરવાનું લખ્યું છે, અને મૂલમાં चकार છે તેથી ધર્મમાં વર્તનારા શિષ્ય અને બાંધવોના અતિક્રમને સહન કરવાનું સૂચવ્યું છે, ગફલતથી અથવા તો જીવના સ્વભાવને લીધે શિષ્ય અથવા તો ભક્ત પણ જો આપણો અતિક્રમ કરે તો "આ પ્રારબ્ધ વિગેરેનો ભોગ છે" એવી ભાવનાથી ધીરજ પકડી તે શિષ્ય અથવા તો ભક્તથી થતાં દુઃખો સહન કરવાંજ જોઇએ, પણ ક્રોધ વિગેરે નહિ કરવાં જોઇએ. કારણકે જો ક્રોધ વિગેરે કરવામાં આવશે તો આપણામાં આસુરાવેશ પ્રવેશ કરીને સેવામાં આવરણરૂપ થશે. એટલુંજ નહિ પણ આપણે બહિર્મુખ કહેવાઈશું.

વલી શિષ્ય તથા ભક્તને પ્રભુ સાથે જે સંબંધ છે તે આપણે પોતેજ કરાવેલો છે છતાં, તેઓપર ક્રોધ કરવામાં આવે તો આપણે પોતેજ તેઓનું અનિષ્ટ કર્યું કહેવાય, ભગવદીયોનો આવો સ્વભાવ હોતો નથી કે જે સ્વભાવથી પોતાના અંગીકૃતનું અનિષ્ટ કરે માટે તેઓના અતિક્રમો સહન કરવાજ જોઇએ. (૭)

એ પ્રમાણે ભાર્યા વિગેરે જો સેવા કરવામાં આપણને આવરણરૂપ થઈ પડતાં હોય તો તેઓનો ત્યાગ કરવો એ તથા તેઓએ કરેલા અતિક્રમો પણ સહન કરવા એ વિષયનું નિરૂપણ કરીને ભોગો પણ સેવામાં પ્રતિબંધક[1] હોઇને તેઓનો પણ ત્યાગ કરવામાં આવે તોપણ તે તે ઇન્દ્રિયોએ ઉત્પન્ન કરેલ આધ્યાત્મિક દુઃખો સહન કરવાનું કહે છે.

मूलम्–स्वयमिन्द्रिय कर्माणि कायवाङ्मनसात्यजेत्॥
अशूरेणाऽपि कर्तव्यं स्वस्यासामर्थ्य भावनात्॥८॥

---

૧ સેવાફલ ગ્રન્થમાં લૌકિક ભોગ સેવામાં પ્રતિબંધક છે એમ આજ્ઞા કરેલ છે,

पदानि—स्वयम्, इन्द्रियकर्माणि, कायवाङ्मनसा, त्यजेत्, अशूरेण, अपि, कर्तव्यम्, स्वस्य, असामर्थ्य, भावनात्.

अन्वयः—स्वयम् कायवाङ्मनसा इन्द्रियकर्माणि त्यजेत् अशूरेण अपि स्वस्य असामर्थ्य भावनात् [धैर्यम्] कर्तव्यम्

અર્થ:—પોતે કાયા, વાણી અને મનવડે કરીને ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરે, ધીરજ રહિત ભક્તે પણ પોતાનાં સામર્થ્યની ભાવનાથી ધીરજ પકડવી જોઇએ.

વિવરણ—પોતાના ભોગ માટેના ઇન્દ્રિયોના કાર્યો સેવામાં પ્રતિબંધક હોઇને તેઓનો જાતે ત્યાગ કરવો જોઇએ. અને તે ઇન્દ્રિયોના કાર્યો ત્રણ પ્રકારના છે, તે એટે ક્યાંક કાયિક, ક્યાંક વાચનિક અને ક્યાંક માનસ એ પ્રમાણે ઇન્દ્રિયોના કાર્યો છે, તે ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરવાનું કહી અને તે દ્વારા પ્રાકૃત વિષયોનો ત્યાગ કરાવીને તે અલૌકિક પદાર્થોમાં ઈન્દ્રિયોને લગાવવાનુ કહ્યું છે એમ સમજવું, એટલે હવે જ્યાં સુધી તે ઇન્દ્રિયોને લૌકિક વિષયોથી ખેંચી અલૌકિક વિષયો તરફ જોડવામાં આવે ત્યાં સુધીના વખતમાં ઇન્દ્રિયોના કાર્યોના ત્યાગ કરવાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે દુઃખ સહન કરવાનું કહ્યું છે એમ સમજવું.

એ પ્રમાણે આધ્યાત્મિક દુઃખનુ નિરૂપણ કરીને આધિદૈવિક દુઃખ કહે છે. જેમ કોઈ દરિદ્ર માણસ પોતાને આલોકનું સુખ નહિ મળવાને લીધે પોતાની ધીરજ જતાં છતાં પણ ધીરજ પકડે છે, તેમ પ્રારબ્ધ ભોગ માટે અથવા તો આપણી કસોટી કરવા માટે આપણને જોઈતી વસ્તુ પૂરી પાડવામાં જો પ્રભુ તરફથી કાંઈ પણ વિલંબ કરવામાં આવે તો પણ તે દુઃખ સહન કરવા જતાં જો પોતાની ધીરજ જતી હોય તો પણ તે

વખતે ધીરજ પકડવી જોઇએ. ત્યાં હેતુ બતાવે છે કે [1]"**स्वस्येति**" પોતાનામાં પોતાની અસમર્થપણાની ભાવના કરવી. આગળ કહેવામાં આવેલ આધ્યાત્મિક વિગેરે દુઃખો સહન કરવા માટે શાશા પ્રયત્નો કરવા એ કહેવાઈ ગયું છે, પ્રભુ તરફથી જે કાંઈ વિલંબ કરવામાં આવે છે તે હઠાડવા માટે કાંઈ પણ પ્રયત્ન કરવો નહિ; અને જો પ્રભુથી થતા વિલંબને હઠાડવાને કાંઈ પણ આપણા તરફથી પ્રયત્ન કરવામાં આવે તો તે પ્રયત્નમાં પ્રભુજ વિઘ્ન કરે છે; માટે કાંઇ પણ વસ્તુ પોતાના પ્રયત્નથી સાધ્ય નથી, એમ માની પોતાનામાં અસમર્થપણાની ભાવના કરવી. એટલુંજ નહિ પણ આ પ્રભુની લીલા છે એવું અનુસંધાન રાખી ધીરજ રાખવી જોઇએ એમ તાત્પર્ય છે.

આ શ્લોકનું વિવરણ કરતાં શ્રીવ્રજરાયજી મહારાજ જણાવે છે કે પોતે આગ્રહ કરીને કાયા, વાણી અને મનના જ્ઞાનપ્રધાન અને ક્રિયાપ્રધાન ઇન્દ્રિય કર્મોના ભોગોનો ત્યાગ કરવો, ગમ્મત કરતાં પણ ઇન્દ્રિયોના ભોગોને બોલાવવા નહિ, કારણકે તે અત્યંત બાધક છે. ઇન્દ્રિયોના ભોગોનું બાધકપણું "**ध्यायतः विषयान् पुंसः**" એ વિગેરે શ્લોકોથી શ્રી ગીતાજીમાં સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. ભોગ્ય વસ્તુનું નહિ ગ્રહણ કરવું તે **કાયિક ત્યાગ** કહેવાય છે; સારૂં અથવા તો નરસું એ મોઢે કશું નહિ બોલવું તે **વાચિક ત્યાગ** કહેય છે, પોતે નિઃસ્પૃહ રહેવું એ **માનસ ત્યાગ** કહેવાય છે.'

"જો આપણે પોતેજ ઇન્દ્રિયોના ભોગોનો ત્યાગ કરીએ

---

૧ કાંઈ પણ વસ્તુ મેળવવા માટે પ્રભુની મરજી શિવાય આપણે કોઇ પ્રકારે શક્તિમાન્ નથી એ નિર્વિવાદ છે તો પછી પોતાને જોઇતી વસ્તુ મેળવવામાં ઘણીક વખતે આપણને નૈરાશ્ય ભોગવવું પડે છે ને તેને લીધે જે કાંઈ ખેદ કરવામાં આવે છે તે નકામો છે અને તેવો ખેદ ઉત્પન્ન ન થાય તેને માટે હમેશાં હું અસમર્થ છું એવી ભાવના કરવી તેથીજ સંતોષ રહે છે.

તો તેમાં આગ્રહ આવે છે, અને એવો આગ્રહ રાખવાથી વિવેકની હાનિ થઈ જશે" એવી શંકા નહિ કરવી. કારણકે આગ્રહનો ભોગ્ય વસ્તુનો ત્યાગ કરવામાંજ ઉપયોગ થતો હોવાથી તે આગ્રહ વિવેકનો ભંગ કરવામાં અશક્ત છે.

"**स्वयं त्यजेत्**" એ શબ્દથી દૈવેચ્છાથી પ્રાપ્ત થયેલ ભોગનો ત્યાગ નહિ કરવો જોઈએ અને તે યોગ્યજ છે, કારણકે યાદૃચ્છિક ભોગોનો જો ત્યાગ કરવામાં આવશે તો શરીરનો નિર્વાહ થઈ શકશે નહિ, અને એમ જો નહિ થશે તો સાધન કરવાની અશક્તિનો પ્રસંગ આવી પડશે. જો યાદૃચ્છિક વિષયોનો ત્યાગ કરવામાં નહિ આવે તો તે યાદૃચ્છિક વિષયો પણ વિષયરૂપ હોઇને તેઓ બંધન કરવાના સ્વભાવવાળા છે એટલે ઇન્દ્રિયો આપણને ખેંચનારી છે, અને એમ છે માટે "**इन्द्रियैर्विषयाकृष्टैः**" એ શ્રીભાગવતના શ્લોકે કહેલી પદ્ધતિ પ્રમાણે સર્વના નાશનો પ્રસંગ આવી પડશે. અને એવા નાશથી બચવા માટે સ્વભાવ જીતવો જોઇએ. "**स्वभावविजय शौर्यम्**" (સ્વભાવ જીતવો એ શૂરવીરતા છે) એ વાકયથી સ્વભાવ જીતવો એ શૂરવીરનું કાર્ય ઠરે છે. એટલે તેવું સ્વભાવ જીતવાનું સામર્થ્ય આરંભ દશામાં હોતું નથી તો પછી ધીરજ તો કેમજ રહી શકે?" ત્યાં ઉપાય કહે છે કે **अशूरेणाऽपि** સ્વભાવ તથા ઇન્દ્રિયો જીતવાને સમર્થ માણસે પણ પોતાના અસમર્થપણાની ભાવના કરી ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરવો, હું શું કરૂં! હું મંદભાગ્ય છું અને હું અસમર્થ છું કે ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરવાની શ્રીપ્રભુની આજ્ઞા પણ હું ઉઠાવી શકતો નથી. એ વિગેરે ભાવના કરવી. એમ યત્ન કરવાથી ઇન્દ્રિયોના ભોગો તરફ તિરસ્કાર આવતાં ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે. એટલે વિષયો ઇન્દ્રિયોને ખેંચી શકતાં નથી તો આસ્તે આસ્તે ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરવામાં આપણને જીત મલેછે.(૮)

"આગળ કહેવામાં આવેલાં દુઃખો સહન કરવાનું કામ જો કે આપણાથી બની શકે એમ છે છતાં પણ તે દુઃખોજ સહન

કરવાનું કામ વખતે અશકય થઈ પડે છે, એવા સંયોગમાં જે દુઃખો સહન કરવા પોતાનું સામર્થ્યજ નથી એવાં દુઃખો સહન કરવાનું કામ અશકય છે, છતાં તેવાં દુઃખો સહન કરવાનો ઉપદેશ શા માટે કર્યો છે?" એવી શંકા થાય ત્યાં કહે છે કે

मूलम्–अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ॥
एतत्सहनमत्रोक्तमाश्रयोऽतो निरूप्यते ॥९॥

पदानि–अशक्ये, हरिः, एव, अस्ति, सर्वम्, आश्रयतः, भवेत्, एतत्सहनम्, अत्र, उक्तम्, आश्रयः, अतः, निरूप्यते.

अन्वयः—अशक्ये हरिः एव [शरणम्] अस्ति सर्वम् आश्रयतः भवेत् अत्र एतत्सहनम् उक्तम् अतः आश्रयः निरूप्यते

અર્થ:—અશકય વસ્તુમાં પ્રભુજ (શરણ) છે સઘળું ભગવાન્‌ના આશ્રયથી થાય, આંહી એ દુઃખો સહન કરવાનું કહ્યું છે. માટે આશ્રય નિરૂપણ કરાય છે.

વિવરણઃ—પોતે સેવામાં પ્રવૃત્ત હોય અને વિવેક અને ધૈર્ય વિગેરેને ક્રિયામાં મૂકવા માટેની જો પોતાની અશક્તિ હોય તો ભગવાન્‌જ મારૂં શરણ છે બીજો કોઇપણ નથી; એવી મનમાં ભાવના કરવી. વિવેક અને ધૈર્ય વિગેરે રાખવા માટેના અભ્યાસ કરવાના પ્રયત્નમાં પણ જો પોતે અશક્ત હોય તો તે અભ્યાસના પ્રયત્નમાં સફલ થવા માટે ભગવાન્‌ની શરણે જવું કે જેથી તેજ ભગવાન્ કૃપા કરી આપણને જોઇતું સઘળું પૂરૂં પાડશે; એમ સમજવું. કારણકે તે શ્રીહરિ સર્વ દુઃખો હઠાડનાર છે, તેજ કહે છે કે "**सर्वमाश्रयत इति**" પ્રભુનો આશ્રય કરવાથી, સઘળું સિદ્ધ થાય છે, એટલે અશકય વસ્તુ પણ શકયના રૂપમાં ફરી જાય છે, વિવેક પણ થશે તથા ધીરજ પણ થશે એમ સમજવું, અથવા તો પ્રભુનો આશ્રય કરવાથી જે સઘળું શકય છે અથવા તો સર્વપ્રકારે

જે અશક્ય છે તે પણ સઘળું શક્ય થઈ પડે છે, અને જો પ્રભુનો આશ્રય કરવામાં નહિ આવે તો જે વસ્તુ શક્ય છે તે વસ્તુ પણ અશક્ય થઇ પડે છે, વલી આપણે જો અમુક વસ્તુ મેળવવા માટેજ પ્રયત્ન કરીશું તો જે વસ્તુ મેળવવા માટેનો આપણો પ્રયત્ન છે તેજ વસ્તુ મળશે, પણ બીજી વસ્તુ મલી શકશે નહિ, અને અમુક કાંઇપણ વસ્તુ મેળવવાની ધારણા વગર જો તેમનું શરણ લેવામાં આવશે તો તેમની કૃપાથી સઘળું એકદમ સિદ્ધ થઇ જશે. એમ પણ જણાય છે.

આ પ્રકરણથી "સઘળી સિદ્ધિ માટે પ્રભુનોજ આશ્રય લેવો પણ બીજું કાંઈ પણ કરવું નહિ" એવો નિષ્કર્ષ નીકળે છે. આના સંબંધમાં કૃષ્ણાશ્રયમાં કહ્યું છે કે,

विवेकधैर्य भक्त्यादि रहितस्य विशेषतः ॥
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम

(જે હું વિવેક, ધૈર્ય અને ભક્તિ વિગેરેથી રહિત છું અને ખાસ કરીને પાપમાં આસક્ત તથા દીન છું તેમની ગતિ શ્રીકૃષ્ણ ભગવાનજ છે.)

એ પ્રમાણે ધૈર્યનું લક્ષણ કહી ઉપસંહાર કરે છે **एतदिति** આ ભક્તિમાર્ગમાં પહેલાં કહેવામાં આવેલ પ્રકારથી દુઃખો સહન કરવાનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે; અને હવે પછી આશ્રય ખાસ નિરૂપણ કરવામાં આવે છે. એટલે તે આશ્રય પોતાના સ્વરૂપથી કહેવામાં આવે છે, અથવા તો આ વિવેક વિગેરે સઘળું પ્રભુના આશ્રય વગર થવું અશક્ય છે, માટે આશ્રયનું નિરૂપણ કરવામાં આવે છે, કે જેનો આશ્રય લેવાથી સઘળું મળી શકે એમ છે. પહેલાં સમુદાયથી આશ્રયનું સ્વરૂપ કહે છે **एतत्सहन मत्रोक्तमाश्रयोऽतो निरूप्यते (९)**

मूलम्—ऐहिके परलोकेच सर्वथा शरणं हरिः ॥
दुःखहानौ तथा पापे भये कामाद्य(र्थ) पूरणे ॥१०॥

पदानि—ऐहिके, परलोके, च, सर्वथा, शरणं, हरिः, दुःख-हानौ, तथा, पापे, भये, कामाद्य[र्थे], पूरणे.

अन्वयः—ऐहिके च परलोके दुःखहानौ पापे भये तथा कामाद्य(र्थे) पूरणे सर्वथा हरिः शरणम्.

અર્થ:—આ લોક તથા પરલોક સંબંધી સુખો મેળવવા માટે, દુઃખને નાશ કરવામાં તથા પાપને અટકાવવામાં, ભયવખતે, સાંસારિક સુખો નહિ મળતી વખતે તથા સાંસારિક સુખો મેળ-વવા માટે સર્વ પ્રકારે ભગવાન્ શરણ છે.

વિવરણ—"પોતે ભક્તિમાર્ગે અંગીકૃત હોઇને જે માણુસ સેવા કરવામાં પ્રવૃત્ત થાય તો તેવા માણુસને સેવા વગરનું જે કાંઇ પણુ બીજું કામ કરવું પડે, એ સ્વધર્મ રૂપ નહિ હોઇને તે કામ આ લોક તથા પરલોકના સાધનો પૂરાં પાડી શકતું નથી, એટલે સેવા કરવામાં તે કર્મ મોટા વિઘ્નરૂપ થાય છે, અને વિઘ્નો દૂર કર્યા વિના સેવા થઇ શકતી નથી, માટે વિઘ્ન શી રીતે ન આવે ? અને સેવા પણુ શી રીતે બની શકે ?

એવી શંકા થાય ત્યાં કહે છે કે સેવા થાય અને તેમાં વિઘ્ન પણુ ન આવે તેમને માટે સર્વ પ્રકારે ભગવાન્‌ની શરણુભાવના કરવી. પરંતુ સેવા છોડીને બીજું કાંઇ પણુ સાધન કરવું નહિ, અત્રે પોતાનું શરણુ લેવાથી તેમને પ્રભુ પોતેજ સઘળી વસ્તુ પૂરી પાડે છે. કારણુ કે **हरिः** છે એટલે સઘળા દુઃખોને હરનાર છે. ભગવાન્ પોતે કાંઇ પણુ શ્રમ ગણ્યા વગર પોતાને માટે જોઇતી વસ્તુ નહિ મળી શકવાને લીધે પોતાના ભક્તોને થતાં દુઃખો હરશેજ એમ સમજવું.

એ પ્રમાણે સમુદાયથી આશ્રય કહી તેમાં પણુ દુઃખોના નાશ કરવા વિગેરે જુદાં જુદાં કારણોના ભેદથી ખાસ આશ્રયનું સ્વરૂપ કહે છે. **दुःखहानौ इति** પોતે ભક્તિમાર્ગીય હોઇને સેવામાં પ્રવૃત્ત થતી વખતે પોતાને આગળ કહેવામાં આવેલ દેહ તથા ઇન્દ્રિય

વિગેરે સાથે સંબંધ ધરાવનારા આધિભૌતિક વિગેરે દુઃખો આડાં આવે તો તેઓનો નાશ કરવા માટે તથા તેજ દુઃખોથી થયેલ ચિત્તના ઉદ્વેગ વિગેરે મટાડવા માટે પ્રભુની શરણભાવના કરવી. અને એમની ભાવના કરવાથીજ સઘળું સિદ્ધ થશે માટે દુઃખ મટાડવા વિગેરે દરેક કાર્યોમાં પ્રભુની ભાવના કરવી એમ સમજવું, અને વળી બ્રહ્મસંબન્ધ લીધાની પહેલાં અજાણતાં થયેલાં પાપો અડકાવવા માટે તથા જે દેહ તથા ઇન્દ્રિયોને પ્રભુમાં લગાવવાં જોઇએ તેજ દેહ તથા ઇન્દ્રિયોથી ભગવાન્નો અપરાધ થઈ ગયો હોય તો તે વખતે ભગવાન્નીજ ભાવના કરવી.

આજ બાબત શ્રીભગવાને ગીતાજીમાં નીચલા શ્લોકથી કહી છે.

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

(દરેક ધર્મો છોડી મારી એકને શરણે આવ. હું તને સઘળા ધર્મો છોડવાને લીધે થતાં પાપોથી છૂટો કરીશ, કાંઈપણ શોક નહિ કર.)

ઉપર પ્રમાણે ભગવાને શ્રીમુખથીજ કહ્યું છે માટે સેવા કરવામાં જે કાંઈ ભૂલચુક થઈ હોય તેને માટે પ્રાયશ્ચિત વિગેરે કાંઇ પણ નહિ કરવું, અને તેમને માટે જો પ્રાયશ્ચિત કરવામાં આવે તો આપણનો પતિવ્રતારૂપ શરણ ધર્મ જતો રહે છે. અને તેમજ ચોર વિગેરેથી થતા ભય વખતે અને પ્રભુના અપરાધમાં આવવાથી આપણને જે કાંઇ પાપ વિગેરે લાગ્યું હોય તેને માટે પ્રભુનીજ ભાવના કરવી. આધિભૌતિક વિગેરે ત્રણે દુઃખો આવતી વખતે શરણભાવના કરવી.

કામાર્થપૂરણે એટલે ભગવત્સંબંધી આ લોકના સુખ લેવાના પદાર્થો મેળવવા માટે ભગવાન્ની ભાવના કરવી. આ લોકનું સુખ બે પ્રકારનું છે એક દેહથી થતું સુખ અને બીજું ઇન્દ્રિયથી થતું સુખ, એ બન્ને સુખ મેળવવા માટે ભગવાન્ની ભાવના કરવી.

હવે **कामाद्यपूरणे** એ પાઠ પ્રમાણે એવો **અર્થ** કરવો કે પોતાને સાંસારિક સુખ ન મળતાં હોય તો તે મેળવવા માટે ભગવાનની ભાવના કરવી.

આ શ્લોક માંહેના **"भये"** એ શબ્દનું વિવરણ કરતાં શ્રી-વ્રજરાયજી મહારાજ જણાવે છે કે હું પોતે જીવ હોઇને તુચ્છ છું એટલે બ્રહ્મા વિગેરે દેવતાઓને પણ જેમના ચરણો મળી શકતાં નથી, એવા ભગવાનની પ્રાપ્તિ મને કેમજ થઈ શકશે? એવો ભય જણાય ત્યારે અથવા તો બીજા કોઇ પ્રકારનો ભય આવે ત્યારે પણ ભગવાનનીજ ભાવના કરવી. (૧૦)

એ પ્રમાણે પ્રભુની ભાવના કરવામાં વિશેષ ભેદ કહે છે.

मूलम्–भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमेकृते ॥
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणंहरिः ॥११॥

पदानि–भक्तद्रोहे, भक्त्यभावे, भक्तैः, च, अतिक्रमे, कृते, अशक्ये, वा, सुशक्ये, वा, सर्वथा, शरणम्, हरिः,

अन्वयः–भक्तद्रोहे भक्त्यभावेच भक्तैः अतिक्रमे कृते अशक्ये वा सुशक्ये वा सर्वथा हरिः शरणम्

અર્થ:—ભગવાનના ભક્તનો દ્રોહ થઈ ગયો હોય, ભક્તિ ન હોય, અને ભગવાનના ભક્તોએ પોતાનો અતિક્રમ કર્યો હોય અથવા તો કાંઈ પણ કાર્ય અશક્ય અથવા તો સુશક્ય હોય તો પણ સર્વ પ્રકારે ભગવાન્ શરણ છે.

વિવરણ:—પોતાના અસાવધપણાથી અથવા તો જીવના સ્વભાવને લીધે ભગવાનના ભક્તનો પોતાથી જે કાંઈ દ્રોહ થઇ ગયો હોય, તે સંબંધી અપરાધ મટાડવા માટે મર્યાદામાર્ગમાં પણ કોઇએ ભક્તનો દ્રોહ કર્યો હોય તો ભગવાન્ ક્ષમા કરતા નથી. પોતાનો દ્રોહ વખતે કોઇનાથી થઇ ગયો હોય, તો કદી તેને ભગવાન્ ક્ષમા આપે છે. પણ ભક્તનો દ્રોહ કોઇએ કર્યો હોય

તો ભગવાન્ તે દ્રોહને માટે ક્ષમા આપતા નથી, તે બાબતમાં દુર્વાસા ઋષિનો દાખલો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે કે, દુર્વાસા ઋષિને અંબરીષે દ્વાદશીના પારણાને દિવસે ભોજન કરવાની પ્રાર્થના કરી, તે કબુલ કરી દુર્વાસા શ્રીયમુનાજીમાં નિત્યકર્મ કરવા ગયા, તેને નિત્ય કરતાં વિલંબ થયો, ત્યાં દ્વાદશી જવાને ફક્ત અર્ધું મુહૂર્ત બાકી રહ્યું, ત્યારે બ્રાહ્મણોને બોલાવી અંબરીષે પૂછ્યું કે દુર્વાસાએ ભોજન કર્યું ન હોય, ત્યાં સુધી મારાથી પારણા થઈ શકેજ નહિ. અને દ્વાદશી ઉતરી જાય ત્યારે પારણા કરૂં તો વ્રત ભંગ થાય માટે મારે શું કરવું ? ત્યારે બ્રાહ્મણોએ જળનું પારણું કરવાનું કહ્યું. જલથી પારણા કરો, એટલે જમ્યા ન કહેવાઓ અને પારણું કર્યું પણ કહેવાય, તે પરથી અંબરીષ રાજાએ જળનું પારણું કર્યું. તેટલા વખતમાં દુર્વાસા નિત્યનું કૃત્ય કરી આવ્યા; ત્યારે તે ઋષિ ત્રિકાલદર્શી હોવાથી અંબરીષે જળનું પારણું કર્યું છે. એમ જાણી દુર્વાસાએ પોતાની જટામાંથી કૃત્યા (અગ્નિની જવાલા) અંબરીષને બાળવા પ્રકટ કરી; તે કૃત્યા અંબરીષની સામી આવી, તેને જોઈ અંબરીષે જાણ્યું કે આપણે કસુરમાં આવ્યા છીએ, તેનું કડવું ફળ આપવાને આ ભય ભરેલો વખત આવી લાગ્યો, એમ જોઈ જ્યાં ઉભા હતા ત્યાંથી એક પગલું પણ પાછળ ખસ્યા નહિ, ત્યારે તેની ભક્તિપરથી પ્રસન્ન થઈ તેમની રક્ષા માટે ભગવાને સુદર્શન ચક્ર રાખ્યું હતું, તે કૃત્યાની સામે થઇ તેનો નાશ કરી દુર્વાસાની સામે થયું. તેપરથી દુર્વાસા ભાગ્યા, અને બ્રહ્માદિક સઘળા દેવતાઓની પાસે ગયા; ત્યારે તેઓએ રક્ષણ નહિ આપવાથી છેવટે વૈકુંઠમાં વિષ્ણુ ભગવાનની પાસે ગયા; ત્યારે વિષ્ણુ ભગવાને પણ પોતા તરફથી તેમને કાંઈ પણ રક્ષણ નહિ આપતાં કહ્યું કે હું ભક્તને આધીન છું, માટે ભક્તનો અપરાધ કરી મારી પાસે આવ્યાછો, તો પણ મારાથી તમોને કાંઈ પણ રક્ષણ આપી શકાય એમ નથી. છતાં પણ તમારા બચાવ માટે એક ઉપાય બતાવવા માંગુંછું કે, તમો

અંબરીષ પાસે જાઓ; અને તેમના કહેવાથીજ ચક્ર શાન્ત થઈ જશે. આવી રીતે ભગવાન્‌ના અભિપ્રાય પ્રમાણે દુર્વાસા અંબરીષ પાસે ગયા. અને અંબરીષે સુદર્શનની સ્તુતિ કરી તેમને શાન્ત કર્યું. તેટલા વખતમાં એક વર્ષ આખું કહાઢયું, તો પણ અંબરીષે જળનું પારણું કરેલ પણ તે શિવાય એક વર્ષ સુધી અન્નજળ લીધું નહિ, ત્યારે દુર્વાસાએ જમી પ્રસન્ન થઇ તેમને જમવાની રજા આપી, ત્યાર પછી અંબરીષ રાજા જમ્યા, એ પ્રમાણે મર્યાદામાર્ગમાં પણ ભગવાન્‌ના ભક્તનો અપરાધ થઈ ગયો હોય, તો તેને માટે ભગવાન્ ક્ષમા આપતા નથી. પણ જો પોતાની શરણે આવે તો તેને તેજ ભક્તદ્વારા ક્ષમા કરાવે છે, ત્યારે પુષ્ટિમાર્ગમાં તો ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તો ભગવાન્ તો ક્ષમા કરેજ નહિ.

આ આખ્યાન પરથી એવો ધડો લેવાનો છેકે, જેમ અંબરીષે દુર્વાસાનો અપરાધ કર્યો નહિ હતો તે છતાં દુર્વાસાએ તેનો દ્રોહ કર્યો, તો તેમને તેનું ઇન્દ્રવારણા જેવું કડવું ફળ ચાખવાનો વખત આવી લાગ્યો, અને છેવટે અંબરીષે તો દુર્વાસાનું કલ્યાણ થાય એવી ઉદાર ઇચ્છા રાખી; અને દુર્વાસાની કૃત્યાથી પોતાની રક્ષા થઈ તેમાં પણ તેમણે ભગવાન્‌નીજ શરણભાવના રાખી છે.

પોતાથી પણ જો ભગવાન્‌ના ભક્તનો અપરાધ થઈ ગયો હોય; એમ સંભવ જણાતો હોય, તો આપણે પોતે પણ ભગવાન્‌ની શરણભાવના કરવી. પણ તે શિવાય બીજું કશુંએ કરવું નહિ. પોતે સેવામાં પ્રવૃત્ત હોવા છતાં પણ પોતાને જો ભગવાન્‌ના સ્વરૂપમાં સ્નેહ ન થતો હોય તો તેવો સ્નેહ મેળવવા માટે ભગવાન્‌ની શરણભાવના કરવી. “ કાંઇ પણ કારણ વગર કોઇનો પણ અતિક્રમ કરવો નહિ ” એવો ભગવદીયોનો સ્વભાવ હોય છે, છતાં પણ જો તેઓનાથી આપણો અતિક્રમ થયેલો જોવામાં આવે તો તેઓનો દોષ બીલકુલ નહિ સમજતાં પોતાનોજ કાંઈ દોષ છે, એમ નિશ્ચય કરી તે દોષ ફરી ન થાય તેને માટે શરણભાવના કરવી. વળી

પોતાથી નહિ બની શકતાં કાર્યો માટે ભગવાનની શરણભાવના કરવી. એટલુંજ નહિ પણ જે દોષોથી તે કાર્ય પોતાને અશક્ય થઇ પડયું હોય તો તેવા દોષો મટાડવા માટે પણ શરણભાવના કરવી. "પોતાથી નહિ બની શકતાં કાર્યોને શક્ય બનાવવા માટેજ શરણભાવના કરવી, એ બરાબર છે; પણ જે કાર્યો પોતાથી બની શકે એવાં છે એવાં કાર્યો માટે શરણભાવના કરવાની જરૂર નથી" એવી શંકા થાય ત્યાં કહે છે કે **सुशक्येवा** પોતાથી જે કાર્યો ઘણીજ સહેલાઇથી બની શકતાં હોય તો તેવાં કાર્યો માટે પણ ભગવાનની શરણભાવના કરવી. કારણ કે આપણને જે કાર્ય વાસ્તવિક નહિ પણ કહેવાતું પણ શક્ય જણાય છે તે પણ પ્રભુનું શરણ લેવાથીજ, છેવટે શક્ય નીવડે છે. પણ તેમનું શરણ લીધા વગર તો આપણને અમુક કાર્ય–શક્ય જણાતું છતાં પણ છેવટે શક્યરૂપે પરિણામ પામતું નથી. આપણને જે કાર્યો શક્ય જણાય છે, તેવાં કાર્યોમાં પણ પ્રભુ જો આપણને વિઘ્ન કરવા માંગે તો આપણે એવું કાંઈ પણ સામર્થ્ય ધરાવતા નથી કે તે સામર્થ્યવડે આપણે તેમની સામે થઇને કામ કરી શકીએ. પ્રભુની ઇચ્છાથીજ બની જતાં તથા બનતાં કાર્યોના સંબંધમાં "મેં આ કાર્યો કર્યાં છે" એવું જો કોઇ પણ અભિમાન ધરાવે તો તેમનો શરણ ધર્મ જાય છે. માટે સર્વ પ્રકારે "હું તેમનોજ છું" એવું અનુસંધાન રાખી તેમની શરણભાવના કરવી. કારણ કે પ્રભુ **हरिः** છે એટલે સઘળા દુઃખોને હરનાર છે. મતલબ કે આપણને અશક્ય જણાવા વિગેરે જે દુઃખો છે તે પોતે તે હરશેજ, એટલે તે પ્રભુ આપણને અશક્ય જણાતા કાર્યોને પણ શક્ય બનાવી દે છે. એમ સમજવું, અથવા તો સાધનોથી મળી શકે નહિ એવી ભગવત્સંબંધિ વસ્તુઓ અને સાધનોથી સાધ્ય લૌકિક વસ્તુઓ સંપાદન કરવા માટે પણ શ્રીહરિનીજ શરણભાવના કરવી. પણ તેમની ભાવના કર્યા શિવાય બીજો પોતે પ્રયત્ન કરવો નહિ. અને જો પ્રયત્ન કરવામાં આવે તો પોતાનો શરણ ધર્મ નાશ પામે છે. (૧૧)

[1] એવી રીતે આ બધો ઉપદેશ વિશેષથી જો કે વિવેક ન હોય તો પણ આશ્રયને કોઇની સહાયતા જોઈતી નથી, કેમકે તે અસહાયશૂર છે એમ મને ભાસે છે; માટે ધૈર્ય ન હોય તો આશ્રય હોય તો સર્વ સિદ્ધ થાય એટલા માટે બે શ્લોકથી કહેછે

मूलम्–अहंकारकृते चैव पोष्यपोषण रक्षणे ॥
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यातिक्रमे ॥१२॥
अलौकिकमनः सिद्धौ सर्वार्थे शरणं हरिः
एवं चित्ते सदा भाव्यो वाचा च परिकीर्तयेत् ॥१३॥

पदानि—अहंकारकृते, च, एव, पोष्यपोषण, रक्षणे, पोष्यातिक्रमणे, च, एव, तथा, अन्ते, वास्यतिक्रमे, अलौकिक, मनः, सिद्धौ, सर्वार्थे, शरणं, हरिः, एवम्, चित्ते, सदाभाव्यः, वाचा, च, परिकातयत्,

अन्वयः—अहंकारकृते च एव पोष्यपोषण रक्षणे च एव पोष्यातिक्रमणे तथा अन्ते वास्यतिक्रमे अलौकिक मनः सिद्धौ सर्वार्थे हरिः शरणम् एवम् चित्ते सदाभाव्यः वाचा च परिकीर्तयेत्

અર્થ:—અહંકાર કર્યો હોય તેને માટે અને પોષ્ય લોકોના પોષણ અને રક્ષણ માટે, પોષ્ય તરફથી અતિક્રમ થઇ ગયો હોય, તેને માટે તેમ શિષ્ય તરફથી થયેલા અતિક્રમ માટે, સઘળી ઇન્દ્રિયોને અલૌકિક બનાવવા માટે, અને અલૌકિક સઘળા પદાર્થો મેળવવા માટે પ્રભુ શરણ છે, એ પ્રમાણે ચિત્તમાં (શ્રી હરિની) ભાવના કરવી અને વાણીથી તેમનું કીર્તન કરવું.

વિવરણ—જો જીવના સ્વભાવને લીધે કોઈ પણ તટસ્થ તથા પ્રભુના ભક્તની જોડે જે વખતે આપણાથી અભિમાન કરવામાં

---

૧ આ શ્લોકની ઉત્થાનિકા શ્રી વ્રજરાયજી કૃત ટીકાપરથી લખવામાં આવી છે.

આવ્યું હોય, તો તે વખતે અભિમાન રાખવાથી આસુરાવેશજ થાય છે. અને આ પ્રમાણે અભિમાન થયા પછી પાછલથી "મેં અભિમાન રાખ્યું એ ભૂલ ખાધી છે" એમ વિવેક થતાં પણ પોતાને પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ થાય, તોપણ પોતાની થયેલી ભૂલના પરિહાર માટે શરણભાવનાજ કરવી. અથવા તો પોતાપર પ્રભુની અત્યંત કૃપા થતાં તેમના માનથી પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા સુધીનું અભિમાન ધરાવીએ, તો એવા દોષોના પરિહાર માટે શરણભાવના કરવી. વળી પણ પોતાના પોષ્યવર્ગનું પોષણ તથા રક્ષણ પોતાથી બની શકે તેને માટે શરણભાવના કરવી. પણ હું પોતેજ તેમનું ભરણ પોષણ કરૂં છું એમ માની કાંઇ પણ પ્રયત્ન કરવો નહિ. "**पोष्यातिक्रमणे चैव**" એટલે સ્ત્રી વિગેરે પોષ્ય વર્ગથી પોતાનો અતિક્રમ થયો હોય અથવા તો **पोष्यातिक्रमणे च** આંહીઆં **च** લખ્યો છે માટે તે **चकार**થી લેવામાં આવતા બીજા બંધુથી તે છેક દાસ સુધીના લોકો તરફથી પણ પોતાનો અતિક્રમ થયો હોય, તેમજ પોતાના શિષ્ય તરફથી પોતાનો અતિક્રમ થયો હોય, તોપણ શરણભાવના કરવી. પણ અતિક્રમ કરનાર શિષ્યપર ક્રોધ વિગેરે કાંઈ પણ કરવું નહિ. અને જો ક્રોધ વિગેરે કરવામાં આવે તો પોતાનામાં આસુરાવેશ થવાનો સંભવ છે. એટલુંજ નહિ પણ જો શિષ્ય પર ક્રોધ કરવામાં આવે તો શિષ્યનું અનિષ્ટ થાય છે, અને એવું અનિષ્ટ કરી પોતાના અંગીકૃત લોકોનો ત્યાગ કરવો એવો ભગવદીયોનો સ્વભાવ હોતો નથી. એટલે તેવા અપરાધીને શિક્ષા વિગેરે જે કાંઈ કરવાનું હોય તે પ્રભુ પોતેજ કરશે, માટે પ્રભુથીજ શિક્ષા પામેલા લોકોને "મેંજ શિક્ષા કરી છે" એવું મિથ્યા અભિમાન ધરાવી પોતાના ધર્મને જતો કરવો નહિ,

"પ્રાકૃત ચિત્ત વિગેરેને અધ્યાસથી અડકાવવાનું કામ અતિ કઠિન છે, અને તેવાં ચિત્ત વિગેરેને જો અધ્યાસથી અડકાવવામાં નહિ આવે તો સઘળું કઠિન થઈ પડે" એવી શંકા થાય ત્યાં કહે છે કે "**अलौकिकेति**" આંહીઆં જોકે એક મનજ લખ્યું છે, તો

પણ તેમનાથી સઘળાં દેહ તથા ઇન્દ્રિય વિગેરે સમજવાં અને તેઓ માંહેનો પ્રાકૃતાંશ કહાઢી નાંખી તેઓ અલૌકિક શી રીતે બને? તેને માટે તથા અલૌકિક સઘળા પદાર્થો મેળવવા માટે પણ હરિનીજ શરણભાવના કરવી. પણ બીજા કોઈ પણ દેવની શરણભાવના કરવી નહિ; આ વિષયજ સમજાવવા માટે કહે છે કે **एवम् इति** એ પ્રમાણે જડરૂપ ચિત્તમાં નહિ પણ જ્ઞાનરૂપ ચિત્તમાં હમેશાં હરિની ભાવના કરવી. અને વાણીથી ભગવાન્‌નું કીર્તન કરવું, સારાંશ કે નિરંતર મુખથી ભગવાન્‌નું કીર્તન કર્યે જવું, એકક્ષણ માત્ર પણ આપણાથી જો ભગવાન્‌નું કીર્તન કરવામાં ન આવે તો તેટલો વખત આપણામાં આસુર ભાવનો પ્રવેશ રહેશે એમ સમજાવવા માટે '**सदा**" એમ કહ્યું છે,

વખતે ચિત્ત જ્ઞાનરૂપ ન હોય તો પણ કીર્તન અતિ આવશ્યક છે એમ જણાવવા માટે **परिकीर्तयेत्** એમ કહી કીર્તન કરવાનું કહ્યું છે

આજ બાબત નવરત્નમાં "**तस्मात्सर्वात्मना**" એ શ્લોકથી અંતઃકરણ જ્ઞાનરૂપ હોય અથવા તો જડરૂપ હોય તો પણ વાણીથી કીર્તન કરવું આવશ્યક છે, એમ કહ્યું છે; અથવા તો **वाचा च परिकीर्तयेत्** આંહીના " ચકાર "થી કાયા લેવી એટલે કાયાથી પણ સેવા કરવી મનથી ભાવના કરવી. અને વાણીથી કીર્તન કરવું એ પ્રમાણે ત્રણ પ્રકારની શરણભાવના સિદ્ધ કરવામાં આવી છે, અને એમ કરવાથી આગળ જે અશક્ય કહેવામાં આવ્યું છે તે પણ શક્યરૂપે પરિણામ પામે છે એમ સમજવું (૧૩)

" જો કે ગમે તો જે કાર્યો અશક્ય અથવા તો સુશક્ય હોય, તો પણ તેવાં સઘળાં કાર્યો માટે ભગવાન્‌નું શરણ લેવાનું ઠરે છે. આવી વસ્તુ સ્થિતિ છે, તો પણ મોટાં અને અશક્ય કામો માટે તો ભગવાન્‌નુંજ શરણ લેવું એતો યોગ્ય છે, પણ જે કાર્યો પોતાથી જ બની શકે છે, તેવાં કાર્યો માટે પણ ભગવાન્‌ની શરણભાવના કરી તેમને શા માટે શ્રમ આપવો જોઈએ? અને એવાં નજીવાં

કાર્યોને પાર ઉતારવામાં બીજા દેવતાઓનું શરણુ લેવામાં આવે તો એ યોગ્ય છેકે કેમ" એવી શંકા થાય ત્યાં કહે છે કે,

मूलम—अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च॥
प्रार्थनाः कार्यमात्रेऽपि तथाऽन्यत्र विवर्जयेत्॥१४॥

पदानि—अन्यस्य, भजनम्, तत्र, स्वतः, गमनम्, एव, च, प्रार्थनाः, कार्यमात्रे, अपि, तथा, अन्यत्र, विवर्जयेत्,

अन्वयः—अन्यस्य भजनम् विवर्जयेत् च तत्र स्वतः गमनम् एव विवर्जयेत् तथा कार्यमात्रे अन्यत्र प्रार्थनाः अपि विवर्जयेत्

અર્થઃ—બીજા દેવના ભજનને ત્યાગ કરે, અને તેમના મંદિરમાં પોતાની મેળે જવુંજ મૂકી દીએ, તેમ દરેક કામમાં બીજા દેવોના મંદિરમાં પ્રાર્થનાને પણ મૂકી દીએ.

વિવરણઃ—બીજા દેવનું ભજન નહિ કરવું. અને પોતાની મેળે તેમની સેવા કરવા માટે તેમના મંદિરમાં પણ જવું નહિ. "**स्वतोगमनमेव च**" આંહીના "ચ" શબ્દથી બીજાની પ્રેરણાથી પણ ત્યાં જવું નહિ એમ સમજવાનુ છે. જો તેમ કરવામાં નહિ આવે તો શરણુ પદાર્થ જતો રહે છે આજ બાબત "ન્યાસાદેશમાં" **मदितर भजनापेक्षणम्**" (મારા શિવાય બીજાનુ ભજન કરવાનું નથી) એ શ્લોકથી કહેવામાં આવી છે.

પ્રભુ પાસે કાંઇ પણ પ્રાર્થના કરવી એ અયોગ્ય છે, માટે વખતે આપણેજ અમુક પદાર્થની જરૂર જણાતાં તે મેળવવા માટે "**अन्यस्यभजनं तत्र स्वतोगमनमेव च**" એ નિષેધથી બીજા દેવનુ ભજન તથા તેમના મંદિરમાં જવાનુ અટકાવવામાં આવે છે, માટે આ નિષેધના બળથી તેમનું ભજન તથા તેમના મંદિ-રમાં જવાનુ બંધ રાખી તેમની કેવળ પ્રાર્થના કરવામાં આવે તો શી અડચણ ? એવી શંકા થાય ત્યાં કહે છે કે "**प्रार्थना कार्यमात्रेऽपि**" જેમ બીજા દેવનુ ભજન તથા તેમના મંદિરમાં

પણ નહિ જવાનું આ શ્લોકના પૂર્વાર્ધથી હમણાંજ જણાવવામાં આવ્યું છે, એમજ પોતાનાં નહાનાં તથા મહોટાં પ્રત્યેક કાર્યો માટે પણ બીજા દેવની પ્રાર્થના બીલકુલ નહિ કરવી. "અમુક એક જાતનીજ પ્રાર્થના નહિ કરવી" એટલુંજ નહિ પણ કોઈ પણ પ્રકારની પ્રાર્થના નહિ કરવી એમ સમજાવવા માટે **प्रार्थनाः** એમ બહુવચન મૂકયું છે.

આ સ્થળે શ્રીવ્રજરાયજી મહારાજ એવો અભિપ્રાય બતાવે છે કે શ્રીભગવાન્ શિવાય બીજાનાં ભજનનું વર્જન કરવું, એમ મૂલમાં આજ્ઞા કરી છે, તેનો અભિપ્રાય એવો છે કે બીજા દેવો પણ કામનાને પૂરી કરનારા છે, ઇત્યાદિક દુષ્ટ આશાથી બીજા દેવનું સેવન કરવું નહિ. તેમ તેનાં કારણરૂપ તે દેવના સમીપમાં પોતે ઉદ્યમ કરીને પણ જવાનું છોડી દેવું. કેમ કે કહ્યું છે કે:-

यावदन्याश्रयस्तावत् भगवानपि तं जनम् ॥
विलोकयेन्न दययाह्यनन्यजनवत्सलः

(જ્યાં સુધી જે માણસને બીજાનો આશ્રય હોય ત્યાં સુધી તે માણસને ભગવાન્ દયાથી જોતા નથી કારણ કે ભગવાન્‌ને અનન્ય ભક્તોજ પ્રિય છે) એવું વાક્ય છે તેથી જો અન્યાશ્રય થાય તો ભગવાન્ તેમને પોતાનો આશ્રય પણ આપતા નથી. એમ જણાવવા સારૂ મૂલમાં **स्वतोगमनमेवच** આંહીઆં **'एवकार'** મૂકયો છે. કૌતુક માટે પણ શ્રીનંદરાયજી અંબિકા વનમાં ગયા હતા, ત્યાં સર્પે જેમનો ગ્રાસ કર્યો હતો, એ કથા શ્રીમદ્‌ભાગવતમાં પ્રસિદ્ધ છે, રસ્તામાં ચાલ્યા જાતાં હોઇએ ત્યાં કોઇ દેવનું મંદિર આવે તો તે દેવ ભગવાન્‌ના સેવક છે અને ભગવાન્‌ના અમુક અવયવરૂપ છે એવી ભાવના કરવી, એમ પણ સૂચન કર્યું છે. કાર્ય માત્રમાં શ્રીભગવાન્ શિવાય બીજાની પ્રાર્થના નહિ કરવી, એમ કહેવાથી કોઈ કાર્યમાં કાંઇક વ્યામોહ થાય તો કયારેક એક વખત શ્રીભગવાન્‌ની પ્રાર્થના કરવી એમ પણ સૂચન થાય છે.

આંહી શ્રીરઘુનાથજીએ પ્રાર્થનાપદ પ્રથમાનું માનીને **कार्या** એવો અધ્યાહાર કરીને કાર્ય માત્રમાં ભગવાન્‌ની આજ્ઞા શિવાય કોઇની પણ પ્રાર્થના કરવી નહિ. એવું વ્યાખ્યાન કર્યું છે તેનો અભિપ્રાય એવો છે કે, વિષ્ણુ ધર્મના શંકર ગીતામાં કહ્યું છે કે:—

अपृष्ट्वा यस्तु यांकांचित् क्रियामारभते हरिम् ॥
असंभिन्नार्यमर्यादस्तस्य तुष्यति केशवः

(હરિની આજ્ઞા શિવાય કાંઈ પણ કરવું નહિ એવી આર્યની મર્યાદાને નહિ તોડનારો જે માણસ જે કાંઇ ક્રિયા કરે તે હરિની આજ્ઞા વિના કરે નહિ, તેના પર કેશવ ભગવાન્ પ્રસન્ન થાય છે.) એ વાક્ય ઉપરના શ્રીરઘુનાથજીના વાક્યને પુષ્ટિ આપે છે. તેથી તેમના અભિપ્રાયમાં પ્રાર્થનાનો અર્થ શ્રીપ્રભુની વિનતિ કરવામાં તેમણે લગાવ્યો હોય એમ જણાય છે.

જે વ્યવહારના અસાધારણ કારણરૂપ નહિ હોઇને અમારૂં ઇચ્છિત આ આપો, એવું અનુસંધાન રાખીને શરીર, વાણી અને મનનો જે વ્યાપાર થાય તે પ્રાર્થના કહેવાય છે, અને પોતે જાણેલી વસ્તુનું સ્વરૂપમાત્ર કેહેવું તે વિજ્ઞાપન કહેવાય છે, એમ પ્રાર્થના તથા વિજ્ઞાપનના સ્વરૂપનો ભેદ છે, અને તેવા વિજ્ઞાપનમાં સ્વામીને અધીન થવાની દૃઢતા હોઈને વિવેકનું સાધનભૂત છે, અને ધૈર્યને પણ નભાવી રાખનાર હોવાથી આશ્રયની દઢતા કરીને જલદી પોતાનું કાર્ય સિદ્ધ કરે છે. મૂલમાં **"तथाऽन्यत्र विवर्जयेत्"** એમ કહ્યું છે તેનો એવો અભિપ્રાય છે કે અત્યંત મુંઝવણમાં પડીએ તે વખતે એમ ભગવાન્‌ની પ્રાર્થના કરવી અને સર્વ વિજ્ઞાપન કરવું, તેમ બીજા દેવોમાં છોડી દેવું અને સર્વથા તે બન્ને બાબત (પ્રાર્થના અને વિજ્ઞાપન) બીજા દેવોમાં કરવી નહિ. **विवर्जयेत** એ ક્રિયાપદથી વિશેષે કરીને વર્જન કરવાનું કહ્યું છે.(૧૪)

હવે પછી બધું સિદ્ધ થવામાં અવિશ્વાસ બાધક છે તેથી વિશ્વાસ રાખે તો તેમાં ફલ છે અને અવિશ્વાસ રાખે તો તેમાં ફલ થતું નથી. તેમાં દૃષ્ટાન્ત કહે છે કે:—

मूलम्–अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥१५॥

पदानि—अविश्वासः, न, कर्तव्यः, सर्वथा, बाधकः, तु, सः, ब्रह्मास्त्रचातकौ, भाव्यौ, प्राप्तम्, सेवेत, निर्मम.

अन्वयः–अविश्वासः न कर्तव्यः सः सर्वथा बाधकः ब्रह्मास्त्रचातकौ भाव्यौ निर्ममः प्राप्तम् सेवेत

અર્થ:—અવિશ્વાસ નહિ કરવો (કારણકે) તે અવિશ્વાસ સર્વ પ્રકારે બાધક છે બ્રહ્માસ્ત્ર અને ચાતક (આ બન્ને) ભાવના કરવા યોગ્ય છે. (પોતે) મમતારહિત થઇને જે મળે તેને સેવે.

વિવરણ:—આ શરણગમનમાં બીલકુલ અવિશ્વાસ નહિ કરવો જોઇએ, કારણ કે અવિશ્વાસ સર્વ પ્રકારે બાધક છે શ્રીહરિને શરણે જવામાં બીજા જે કોઇ બાધકો છે, તે સઘળા બાધકો કરતાં અવિશ્વાસ એ પ્રબળ બાધક છે; એમ જણાવવા માટે **સર્વથા** એ શબ્દ મૂકવામાં આવ્યો છે. કારણ કે અવિશ્વાસ રાખવાથી બીજા ધર્મોનો સંબંધ થતાં આપણો શરણ ધર્મ જાય છે. બીજા ધર્મમાં નહિ મળવા માટે બ્રહ્માસ્ત્રન્યાય [1]કહેવામાં

---

૧ શ્રીરામચંદ્રની આજ્ઞાથી હનુમાનજી સીતાજીની શોધ માટે ફરતા ફરતા લંકામાં જઈ અશોક વનમાં ગયા, ત્યાં સીતાજી મળ્યાં અને તેમણે તેમને જણાવ્યું કે આંહીઆ એની મેળે પડેલાં ફળો તમારે ખાવાં પણ પાડીને ખાવાં નહિ આ પરથી હનુમાનજીએ ઝાડની ડાળીઓ હલાવી તેમાંથી ફલો નીચે પડયાં તે ખાધાં, આ ખબર ઇન્દ્રજીતને પડતાં સુતરના દોરામાં બ્રહ્માસ્ત્રની ભાવના કરી તેથી તેમને બાંધી રાવણ પાસે લાવ્યા, હનુમાનજી તો સુતરના દોરામાં પકડાઇ બેશી રહે એ સંભવતું નથી, છતાં પણ તે પકડાઇ બેશી રહ્યા, તે કેવલ બ્રહ્માસ્ત્રનું માન જાળવવા માટેજ, નહિ કે સુતરના દોરાની મજબુતાઇને લીધે. તેમના પર રાવણે પોતાની દષ્ટિ પડતાં જણાવ્યું કે આ મહાબળવાન વાનર સુતરના દોરાથી પકડાઇ શકે એમ નથી માટે તેને લોઢાની મોટી સાંકળથી બાંધો, એ પ્રમાણે તેમનો હુકમ થતાં તેમને સાંકળથી બાંધ્યા તે સાંકળ હનુમાનજીએ તોડી નાખી, આ પરથી સમજવાનું છે કે ભાવના શું કરતી નથી?

આવ્યો છે. આ બ્રહ્માસ્ત્રન્યાય તરફ નજર રાખી શ્રીહરિનું શરણુ લેવામાં વિશ્વાસજ રાખવો એમ સમજવું, અને હવે પછી વિશ્વાસમાંજ ફલ છે, પણ અવિશ્વાસમાં ફલ નથી; એ સંબંધમાં દૃષ્ટાન્ત કહે છે કે "**ब्रह्मास्त्रेति**" સુતરના દોરામાં પણ બ્રહ્માસ્ત્રની ભાવનાથી હનુમાનજી પોતે પકડાઈ રહ્યા હતા, પણ રાવણુનેજ જ્યારે સુતરના દોરાથી આ યોદ્ધો નહિ પકડી શકાય એવું જાણુવામાં આવ્યું એટલે તેમને અવિશ્વાસ થતાં બીજા ધર્મનો સંબંધ થવાથી લોખંડની સાંકળને પણ ભાગી તોડી તેમાંથી શ્રીહનુમાનજી છટકવા પામ્યા. એ પ્રમાણે અવિશ્વાસથી બીજા ધર્મનો સંબંધ થતાં આપણુનો શરણુ ધર્મ જાય છે. માટે તેવો અવિશ્વાસ નહિ કરવો. શ્રીહરિના વિશ્વાસ માટે ચાતકની ભાવના કરવી; કારણુ કે ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રનું જલ પીવું એવો દૃઢ નિશ્ચય કરી બેસે છે, તો તે પણુ વિશ્વાસના બલથી ત્યાં સ્વાતિના વરસાદની વાટ જુએ છે અને વરસાદ પડે છે અને સ્વાતિના વરસાદનુંજ પાણી પીએ છે, એટલે ટુંકામાં શ્રીહરિની શરણે જવામાં ભાવના રાખી વિશ્વાસજ રાખવો, પણુ અવિશ્વાસ કરવો નહિ; મતલબ કે ભગવાનનું શરણુ લઈ તેમાં વિશ્વાસ રાખવાથી તે પોતેજ પોતાની મેળે આપણુનું સદાબું સારૂં કરશે એમ સમજવું, એ પ્રમાણે વિશ્વાસથી ભગવાન્‌નું શરણુ લેવું અને ભગવાન્‌ની ઇચ્છાથી જે કાંઇ થોડુંઘણું મળે તેમાં પણુ **निर्मम:** એટલે પોતે ભગવદીય હોઇને મમતારહિત થઇ તેમણે પ્રભુની સેવા કરવી, પણુ વધારે મેળવવા માટે યત્ન કરવો નહિ, આજ બાબત કહે છે કે **प्राप्तं सेवेत** આ શબ્દથી જાણુવામાં આવે છે કે આપણી પાસે જે કાંઇ વસ્તુ હોય તે સઘળી વસ્તુનો ભગવાન્‌ની સેવામાંજ ઉપયોગ લેવો પણુ પોતાના અંગત સ્વાર્થ માટે ઉપયોગ લેવો નહિ.

આ સ્થળે શ્રીવ્રજરાયજી મહારાજ એવો અભિપ્રાય જણાવે છે કે શ્રીઆચાર્યચરણુ આજ્ઞા કરે છે કે મારા બોલ સામે અવિશ્વાસ લાવવો નહિ, તેમજ ભગવાન્‌નું શરણુ લેવા સામે અવિશ્વાસ

લાવવો નહિ, કારણ કે તેવો અવિશ્વાસ સ્વરૂપ તથા ફલથી પણ આપણને બાધ કરનારો છે. " **यस्यस्यादद्धाविचिकित्साऽस्ति** " (જેને સાક્ષાત્ સંશય હોય) એ શ્રુતિ તથા " **अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति** " (અજ્ઞાની, શ્રદ્ધા નહિ રાખનારો અને સંશય કરનારો માણસ ખરાબ થાય છે) એ સ્મૃતિનો આશ્રય લઇને શ્રીઆચાર્યચરણોએ પણ અવિશ્વાસ રાખવાનો તિરસ્કાર કર્યો છે. " ત્યારે એવો અવિશ્વાસ શી રીતે મટે ? તેનો ઉપાય કહેવો જોઇએ ? " એવી શંકા થાય ત્યાં કહે છે કે **ब्रह्मास्त्रेति** બ્રહ્માસ્ત્ર અને ચાતકપક્ષી એ બન્ને અવિશ્વાસના બાધક છે અને વશ્વાસના સાધક છે. માટે એ બન્નેની વિશ્વાસ રાખવા માટે ભાવના કરવી. જેમ ચાતકપક્ષી સ્વાતિનું જલબિન્દુ પીવાનો જ દૃઢ આગ્રહ ધરાવે છે તો તે પીવાને પણ ભાગ્યશાળી થાય છે. તેની માફક શ્રીમાન્ આચાર્યચરણોની ઉક્તિ વિશ્વાસ રાખવા યોગ્ય હોઇને તેમના કહેવા પ્રમાણે ભગવાન્ અને પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ રાખવાથી સઘળું સિદ્ધ થાય છે, માટે અવિશ્વાસ છોડી દઈ તથા વિશ્વાસ રાખી " **प्राप्तं सेवेत निर्ममः** " લૌકિક વિષયોમાં મમતા છોડી દઇને દૈવેચ્છાથી જે કાંઇ સુખ, દુઃખ અથવા તો સુખ અને દુઃખના સાધનો આવી મળે તો તેઓનો અનુભવ કરવો, પણ તેમાં અભિનિવેશ રાખવો નહિ. એમ સમજવું. (૧૫)

" આટલા પરથી બીજા ધર્મો જોડે સંબંધ રાખવામાં આવે તો આપણો શરણ ધર્મ જાય છે, એમ સિદ્ધ થાય છે, તો પછી આપણને આવશ્યક લૌકિક અને વૈદિક કર્મોનો પણ ત્યાગ કરવાની જરૂર પડશે એટલે તે કર્મોનો જો ત્યાગ કરવામાં આવશે તો આપણા સંપ્રદાય સામે લોકો શંકાની નજરે જોશે "

એવી શંકા થાય ત્યાં તે કર્મો કરવાનો પ્રકાર પણ કહે છે.

मूलम्—यथाकथञ्चित् कार्याणि कुर्यादुच्चावचान्यपि ॥
किंच प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥१६॥

पदानि–यथा, कथञ्चित्, कार्याणि, कुर्यात्, उच्चावचानि, अपि, किंच, प्रोक्तेन, बहुना, शरणम्, भावयेत्, हरिम्

अन्वयः–यथाकथञ्चित् उच्चावचानि कार्याणि अपि कुर्यात् च बहुना प्रोक्तेन किम् हरिम् शरणम् भावयेत्

અર્થ:—આ માર્ગમાં લોકોને અપ્રામાણ્યની શંકા ન થવા માટે (પોતે) આવશ્યક લૌકિક અને વૈદિક સંબંધી કર્મો કરે, ઘણું કહેવાવડે કરીને શું છે? હરિને શરણે જાય.

વિવરણ:—કોઈ પણ પ્રકારે આ માર્ગમાં જેમ લોકોને અપ્રામાણ્યની શંકા ન થાય તેમ આવશ્યક લૌકિક અને વૈદિક સંબંધી કર્મો કર્યે જવાં, માર્ગની સામે કોઈને શંકા ન થાય તેને માટે પ્રભુની આજ્ઞા સમજી તે કાર્યો કરવાં, પણ તે કર્મો મારા સ્વધર્મરૂપે છે એમ માની કરવાં નહિ, મતલબ કે **"करिष्ये वचनंतव"** (હું આપનું વચન કરીશ) એમ અર્જુન જેમ ગીતાજીમાં ભગવાન્‌ની આજ્ઞા પાળવાનું સ્વીકાર્યું છે, તેમજ પ્રભુની આજ્ઞા છે એમ માની કર્મો કરવાં. એટલે લૌકિક અને વૈદિક સંબંધી કર્મો કરવાનું આપણા પોતાના સ્વધર્મરૂપે છે, એમ નહિ સ્વીકારવાથી આપણો શરણ પદાર્થ જતો નથી આમ વ્યવસ્થા સ્વીકારવાથી બીજા ધર્મો જોડે સંબંધ રાખવાને લીધે આપણો શરણ ધર્મ જાય છે એવી શંકા ઉભી રહેતી નથી.

આજ બાબત "પુષ્ટિપ્રવાહ મર્યાદા" નામના ગ્રન્થમાં જણાવી છે કે–**लौकिकत्वं वैदिकत्वं कापट्यात्तेषुनान्यथा** (ભગવદીયોએ લોકસંગ્રહાર્થે લૌકિક અને વૈદિક કર્મો કરવાં પણ તે કર્મો સ્વધર્મરૂપ છે એમ માની કરવાં નહિ,) અથવા તે કર્મો લોકસંગ્રહ માટે ન કરવામાં આવે તો પણ આપણને દોષ થતો નથી. કારણ કે શરણ પદાર્થજ આપણા દોષોને મટાડે છે. એમ જણાવવા માટે કહે છે કે **किं चेति** ઘણું કહેવાથી શો લાભ છે? મતલબ કે ઘણું કહેવામાં કશો લાભ સમાયેલો નથી, કારણ કે શરણ

પદાર્થજ સઘળા લાભ રૂપ છે. માટે કહે છે કે **किं बहुना** એટલે શ્રીહરિનીજ શરણભાવના કરવી. એટલે લોકસંગ્રહાર્થે કર્મો પણ વિધિ પ્રાપ્ત હોઈને તે કર્મો કરવા જતાં આપણનો શરણ પદાર્થ જાય છે. આજ બાબત "**अन्यसंमेलने वा**" એ સ્થળે પણ કહેવામાં આવી છે. હવે આપણને આટલા નિષ્કર્ષથી એટલું તો મળે છે કે, લૌકિક તથા વૈદિક કર્મો કરવાના સંબંધમાં પ્રભુની આજ્ઞા હોવાનું સ્વીકારી તે કર્મો પણ કરવાં જોઇએ, પણ જે કર્મો કરવાના પ્રભુની આજ્ઞા ન હોય તે કર્મો તો નહિ કરવાં જોઇએ.

"ઉપર પ્રમાણેનો સંદર્ભ જોતાં લૌકિક તથા વૈદિક એ બન્ને કર્મો કરવાંજ જોઇએ, છતાં પણ જો અવશ્ય પ્રાપ્ત તે કર્મોનો સઘળી રીતે ત્યાગ કરવામાં આવે તો આપણને પાપ લાગવાનો સંભવ છે."

એવી શંકા થાય ત્યાં કહે છે કે **हरिर्मिति** તે ભગવાન્ સઘળાં દુઃખો હરનાર છે, મતલબ કે વાસ્તવિક રીતે ભગવાન્નો ભક્ત તો પોતે લૌકિક અને વૈદિક સંબંધી કર્મોનો ત્યાગ કરવામાં પોતાને પાપ થાય છે એમ સ્વીકારતોજ નથી, તો પણ વખતે તેમનેજ પાપની સંભાવના જણાય તો પણ તે પાપ વિગેરેને ભગવાનજ દૂર કરશે એમ સમજવું.

આ સઘળી બાબતો સઘળા ધર્મોનું અનિત્યપણું નિરૂપણ કરતી વખતે ન્યાસાદેશમાં બતાવવામાં આવી છે એટલે ત્યાંજ જોઈ લેવી.

આ સ્થળે શ્રીવ્રજરાયજી મહારાજ એવો અભિપ્રાય જણાવે છે કે ઉચ્ચ એટલે સેવા માટેના કર્મો '**अवच**' એટલે લૌકિક કર્મો અને સેવા માટેના તથા લૌકિક એ બન્ને જાતના કર્મો બની શકે ત્યાંસુધી કર્યે જવાં, પણ કરજ કરીને અથવાતો લૌકિક સંભ્રમથી તે કર્મો કરવાં નહિ, એટલે કરજ કરીને તે કર્મો નહિ કરવાનો નિશ્ચય થાય છે એટલું છતાં પણ તે કર્મો કરવાનો આગ્રહ બંધાતો હોય તો ત્યાં પણ ઉપાય કહે છે કે **किंचेत्यादि** (૧૬)

હવે પછી ઉપસંહાર કરે છે.

मूलम्—एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम्।
कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्याः इति मे मतिः१७

पदानि—एवम्, आश्रयणम्, प्रोक्तम्, सर्वेषां, सर्वदा, हितम्, कलौ, भक्त्यादिमार्गाः हि, दुःसाध्याः, इति मे, मतिः,

अन्वयः—एवम् सर्वेषाम् सर्वदा हितम् आश्रयणम् प्रोक्तम् हि कलौ भक्त्यादिमार्गाः दुःसाध्याः इति मे मतिः

અર્થ:—એ પ્રમાણે સઘળા લોકોને હમેશાં હિતકારી ભગવાનનો આશ્રય કહ્યો. કારણકે કલિયુગમાં ભક્તિ વિગેરે માર્ગો દુઃસાધ્ય છે એવું મારૂં માનવું છે.

વિવરણ—એ પ્રમાણે આશ્રયનું સ્વરૂપ સાંગ કહેવામાં આવ્યું છે, 'એ પ્રમાણે આશ્રયનું સાંગ સ્વરૂપ કહેવાથી શો લાભ છે?' એવી શંકા થાય ત્યાં કહે છે કે **सर्वेषाम इति** બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ એ આશ્રમો માંહે અમુક ગમે તે આશ્રમમાં રહેનારા અથવા તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણો માંહે અમુક કોઈપણ વર્ણમાં રહેનારા સઘળા જીવોને ભગવાનનો આશ્રય હમેશાં હિતકારી છે. એટલે કાંઈપણ સાધન વગર આલોક તથા પરલોક સંબંધી સંપત્તિને આપનારો ભગવાનનો આશ્રય છે, તો પછી હવે આપણને શું બાકી રહે છે (મતલબ કે કાંઇપણ બાકી રહેતું નથી.)

"સઘળા યુગોમાં સાધનોથીજ ફળ મેળવી શકાય છે છતાં પણ હમણાંતો તે સાધનો છોડી કેવળ ભગવાનની જ શરણે જવાનું શામાંટે કહેવામાં આવે છે? એવી શંકા થાય ત્યાં કહે છે કે **कलाविति** બીજા યુગોમાં ધર્મનુંજ પ્રધાનપણું છે અને વિહિત ભક્તિ વિગેરે સાધન સાધ્ય છે, માટે તે સાધનોથીજ વિહિતભક્તિ, ઉપાસના અને કર્મ વિગેરેનું ફલ થાય છે, અને કલિયુગતો પાપ

પ્રધાન છે માટે તેમાં સાધનોના અસંભવથી વિહિતભક્તિ વિગેરે માર્ગો મેળવી શકાય એમ નથી; એટલુંજ નહિ પણ અમુક કાંઇ પણ કરવા જતાં પાખંડમાં પ્રવેશ થઇ જાય તો પાપ પણ થાય છે માટે સઘળી રીતે કલિયુગ સાધનોથી સાધ્ય નથી એટલે કે તેમાં સાધનોથી સાધ્ય ભક્તિમાર્ગો પણ મેળવી શકાય એમ નથી; એટલુંજ નહિ પણ સત્યયુગ વિગેરે યુગોમાં પણ તે ભક્તિમાર્ગ સાધનોથી અસાધ્ય છે અને કેવળ ભગવાન્‌ના અનુગ્રહથીજ સાધ્ય છે, મતલબ કે ભક્તિમાર્ગ કલિયુગમાં તો સાધનોથી અત્યંત અ-સાધ્ય હોઈને દુઃસાધ્ય છે માટે સર્વ પ્રકારે ભગવાનનું શરણ લેવું; અને ભગવાન્ પોતે તેવા ભક્તમાર્ગીય લોકો પર અનુગ્રહ કરશે, માટે સર્વ પ્રકારે ભગવાન્‌નીજ શરણભાવના કરવી; અને તે શિવાય બીજું કશું કરવું નહિ, આ પોતાનો સિદ્ધાન્ત જણાવવા માટે કહે છે કે **मे मतिरिति** આવી મારી માન્યતા છે આંહીઆં **मे मतिः** એમ કહીને "સ્વમાર્ગીય લોકોને ભગવાન્‌નુંજ શરણ લેવું એ કર્તવ્ય છે અને તે શિવાય બીજું કશું કર્તવ્ય નથી" એમ સમજાવે છે.

આંહીઆ શ્રીવ્રજરાયજી મહારાજ **मे मतिः** નો એવો અભિ-પ્રાય જણાવે છે કે આ શ્રીઆચાર્યજીની આજ્ઞા પાળવાથી ભગ-વાન્ પોતે પોતાની આજ્ઞા પાળેલી સમજે છે અને એમ સમજી તેવી આજ્ઞા પાળનારને ભગવાન્ આશ્રય આપે છે. (૧૭)

આંહીઆં ટીકાકાર ચાચા શ્રીગોપીશજી મહારાજ છેવટેની-ચલા શ્લોકો લખે છે.

श्रीमदाचार्य चरण शरण स्मरणे नमे ।
हृद्याता प्रणालीयंग्रन्थ स्माध्वानुसारिणी ॥१॥

અર્થ—શ્રીમાન્ આચાર્યજીના ચરણને શરણ લેવાનું સ્મરણ કરવાથી માર્ગને અનુસરનારી ગ્રન્થની આ પદ્ધતિ મારા હૃદયમાં આવી. (૧)

भक्तिमार्गेस्वकीयस्य दार्ढ्यार्थं सर्वथा इमे ॥
अपेक्षिता विवेकाद्याह्येतदर्थं तदाश्रयः

અર્થઃ—પોતાના ભક્તની ભક્તિમાર્ગમાં દૃઢતા થવા માટે સર્વ પ્રકારે આ વિવેક વિગેરે જરૂરના છે, અને એટલુંજ નહિ પણ તેને માટે આશ્રય પણ જરૂરનો છે. (૨)

श्रीमदाचार्य चरणैरिति ते वर्णिताः स्फुटम् ॥
अतस्त एव चरणा स्तदर्थं शरणंमम ॥३॥

અર્થ—શ્રીમાન્ આચાર્ય ચરણોએ તે વિવેક વિગેરે ચોખ્ખી રીતે વર્ણવ્યા છે, માટે તેજ ચરણો વિવેક વિગેરે જાણવા માટે મારૂં શરણ થાઓ. (૩)

ઇતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત વિવેકધૈર્યાશ્રય નિરૂપણ
ગુજરાતી ટીકા સહિત સંપૂર્ણ.

સમાપ્ત.

શ્રી વલ્લભીય ગ્રંથપ્રકાશક ફંડને તા. ૩૦-૩-૧૨ ૧ તા. ૧૪-૮-૧૨ સુધીમાં ગ્રાહક તરીકે તથા મદદ તરીકે આશ્રય આપનાર વૈષ્ણવોનાં નામ.

૯૦	શેઠ ભીમજી કુંવરજી (આ ગ્રંથના પૂરેપુરા ખર્ચના) મુંબઈ.	
૪	પટવારી જગજીવનદાસ ગોરધનદાસ	ધંધુકા.
૪	વકીલ મોરારજી દેવરાજ	જુનાગઢ.
૪	શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય	બાધરપુર.
૪	શેઠ ગીરધરલાલ હરિલાલ	અમદાવાદ.
૪	ગ્રા. સરદાર દેસાઈ પુરૂષોત્તમદાસ વિહારીદાસ	નડીઆદ.
૪	રાણીજી વહુબા	વાંકાનેર.
૪	ડા. ટોકરસી પરસોતમદાસ	મુંબઈ.